# પાટીદાર ઉદ્યોગ રત્નો

૨૦૧૮

મિશન ૨૦૨૬ અંતર્ગત
સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર કેન્દ્ર
આયોજીત

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

5 6 7 JAN 2018

મહાત્મા મંદિર, ગાંધીનગર

અંતર્ગત આયોજીત

# પાટીદાર ઉદ્યોગ રત્ન એવોર્ડ્સ

૨૦૧૮

આયોજક

સમસ્ત પાટીદારની એકતાનું ધામ
સરદારધામ
વિશ્વ પાટીદાર કેન્દ્ર
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

ઈવેન્ટ પાર્ટનર

PRAVEG
Accelerating ideas



## પ્રગતિનો પર્યાય એટલે

# પાટીદાર...

ધરતીપુત્ર કહેવાતા, ખંત અને ખમીરના મૂર્તિમંત રૂપ સમા અને જમીનના કણ-કણમાંથી મણ-મણનું સર્જન કરનારા પાટીદરો આજે સરહદોના સીમાડાઓ પાર કરીને વૈશ્વિક ફલક પર ખ્યાતનામ બન્યા છે. ખેતરથી લઇને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચેલો પાટીદાર સમાજ પોતાની આગવી કોઠાસૂઝથી દરેક ક્ષેત્રમાં સફળતાના શિખરો સર કરી રહ્યો છે.

ગામડાથી ગ્લોબલ બનેલા આ પાટીદાર સમાજનો ઇતિહાસ પણ અત્યંત રસપ્રદ છે!

‘કુઅસ્ય અસ્તિ ઇતિ કૂર્મિ’ સંસ્કૃતના આ શબ્દનો અર્થ એવો થાય છે કે જેની પાસે જમીન હોય તે કૂર્મિ. સમય જતા કૂર્મિ શબ્દનો અપભ્રંશ કુનબી થયો, અને ધીરે ધીરે કણબી શબ્દ બોલાવા લાગ્યો. કણબી માટે એવું કહેવાય કે કણમાંથી મણનું સર્જન કરે એ કણબી. ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ દેશના વિભિન્ન રાજ્યો ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં વસેલો પટેલ સમાજ મૂળ ક્યાંનો છે તે વિશે ઇતિહાસવિદ્દોમાં પણ મતમતાંતર છે. ઘણાં ઇતિહાસવિદ્દો કહે છે કે વાયવ્ય દિશામાંથી ગુર્જરો સાથે કૂર્મિઓ પણ ભારતમાં આવ્યા હતાં. ચોક્કસ વર્ષો તો ન કહી શકાય પણ ઘણાં વર્ષો પહેલાં આર્યો ઉચ્ચપ્રદેશ પામીર જે એશિયાખંડમાં આવેલ છે ત્યાં વસતા હતાં. સમયની સાથે સ્થાનફેર થયું જેમાં બે સમૂહો પડ્યાં, જે બે સમૂહો જુદી જુદી દિશામાં

વહેંચાયા - એક ઈરાન તો બીજો સમૂહ યુરોપના દેશોમાં પહોંચ્યો. સમયના ચક્રની સાથે પામીર પ્રદેશોમાં વસનારો સમૂહ ખૈબરઘાટ દ્વારા હિંદુકુશની પર્વતમાળા ઓળંગી સિંધુ નદીના પટમાં આવીને વસ્યો. આ સ્થળ ફળદ્રુપ હતું. ગંગા- જમુના નદી પણ હતી, જેથી ખેતી થઇ શકે તેમ હતી તેથી ત્યાં વસવાટ કર્યો. આ ઉપરાંત પાંચ નદીઓના સંગમ સ્થાન એવા પંજાબમાં આવીને પણ તેઓએ વસવાટ કર્યો. કણબીઓએ ખેતીવાડી વિકસાવી.

ભૂતકાળમાં જમીનના ટુકડા એટલે કે ખેતરના માલિકને પત્તીદાર કહેવાતો. તેના પરથી પાટીદાર શબ્દ આવ્યો હોવાનું માની શકાય છે. "પટેલ" શબ્દ પણ એટલો જ જૂનો છે. પટેલ માટે મૂળ સંસ્કૃત પટ્ટલિક છે. ગામમાં ખેતરોની જમીન અને ઘરથાળની જમીનના વેચાણ કે ગિરો દસ્તાવેજ થતા તેની એક નકલ ગામના મુખ્ય માણસ પાસે રહેતી. આ માણસો પટ્ટલિક કહેવાતા. કારણ કે પટ્ટાઓ (પટ્ટ=વસ્ત્ર) ઉપરના લેખો સાચવવાની જવાબદારી તેઓની રહેતી. કણબીઓને વેચાણ કે ગિરો દસ્તાવેજ સાચવવાનું કામ રાજાઓ એટલા માટે સોંપતા હતા કે તેઓ પ્રામાણિક અને ઉદાર હતા. કોઈનું કદી પડાવી ન લેવું, અન્યને મદદરૂપ બનવાની ભાવના રાખવી, ન્યાયની બાબતમાં સ્પષ્ટ રહેવું આ તમામ ગુણોને કારણે કણબીઓ તરફ બીજી જ્ઞાતિઓ આકર્ષાઈ હતી અને ગામનો વહીવટ હંમેશાં કણબીઓને સોંપાતો.

ઇતિહાસવિદ્દોના મતે પાટીદાર સમાજનો ઇતિહાસ હજુ પણ વિશાળ છે... પરંતુ પાટીદાર સમાજ વિશે ફક્ત એટલું કહેવું પર્યાપ્ત છે કે પાટીદાર શબ્દ એક ખિતાબ છે, ખુમારી છે, પાટીદાર શબ્દમાં શૂરાતનનો ભાવ છે... નિશ્ચય કરે...પુરુષાર્થ કરે અને સફળતાને પ્રાપ્ત કરવા પોતાના પથ પર અટલ રહે, એનું નામ પાટીદાર!



મિશન ૨૦૨૬ અંતર્ગત
સમસ્ત પાટીદારની એકતાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર કેન્દ્ર
આયોજીત

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

**5 6 7 JAN 2018**

**મહાત્મા મંદિર, ગાંધીનગર**



# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮

કોઇપણ આમૂલ પરિવર્તનનો પ્રારંભ એક વિચાર સાથે થતો હોય છે...આ વિચાર હતો સમાજના ઉદ્ધારનો. દેશની પ્રગતિની પૂર્વશરત છે સમાજની ઉન્નતિ, અને આ જ પ્રેરણાદાયી વિચારનું તાદ્રશ્ય પરિણામ એટલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮.

સરદારધામ દ્વારા મિશન ૨૦૨૬ અંતર્ગત પાટીદાર સમાજના સામાજિક અને આર્થિક વિકાસને વેગ આપવાના શુભ આશયથી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરાયું છે. પાટીદાર સમાજ પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ કરે, સમાજનો દરેક યુવક પગભર થાય અને નાના-મોટા સૌ ઉદ્યોગકારો એક-મેકના સાથથી વિકસિત થાય તેવો ઉમદા હેતુ ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના આયોજન પાછળ સમાયેલો છે.

ખંત, ખુમારી અને અથાગ પુરુષાર્થ થકી નવા સાહસ સાથે પ્રગતિ કરવી એ પાટીદાર સમાજની ઓળખ રહી છે. નવા સાહસ માટે યોગ્ય માર્ગદર્શન, સાચું દિશા સૂચન, નાણાકીય સગવડોનો સમન્વય, ધંધાકીય ક્ષેત્રમાં મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ તેમજ નાના અને મોટા ઉદ્યોગકારો તેમજ સ્ટાર્ટઅપ થકી ભવિષ્યના આંતરપ્રિન્યોર બનવા માંગતા એવા યુવા સાહસિકો માટે સુગમ સેતુ એટલે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૧૮. આ એક એવું પ્લેટફોર્મ છે, જ્યાં સમાજના હજારો ઉદ્યોગકારો અને વ્યાવસાયિકો એકબીજાની સાથે જોડાઈને પોતાના વ્યાપાર ક્ષેત્રને લગતી વિવિધ જરૂરીયાતોની પૂર્તિ કરી શકે છે.

પાટીદાર સમાજમાં વધુને વધુ ઉદ્યોગ સાહસિકો ઊભા થાય, સમાજના યુવાનોને પણ વ્યાપાર-કુશળતા કેળવવાનું અને સફળતા મેળવવાનું પ્રોત્સાહન મળે, તેમજ પાટીદાર સમાજને પ્રગતિ અને ઉન્નતિની નવી ઊંચાઈઓ સુધી લઈ જનાર ઉદ્યોગરત્નો વિશે સમગ્ર દેશ અને દુનિયાના પાટીદારો જાણી શકે તેવા ઉમદા આશય સાથે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટના એક ભાગરૂપે 'પાટીદાર ઉદ્યોગરત્ન એવોર્ડ'નું આયોજન કરવામાં આવ્યું છે. આશા છે કે આ સફળ ઉદ્યોગરત્નો અને તેઓના સંઘર્ષથી સફળતાની સફર સમગ્ર સમાજ માટે પ્રેરણાત્મક બની રહેશે.

# પાટીદાર ઉદ્યોગ રત્નો



૮ **શ્રી ચિંતનભાઈ જે. પટેલ**
અજંતા-ઓરેવા ગ્રુપ


૧૨ **શ્રી દિનેશભાઈ પટેલ**
સમર્થ ડાયમંડ


૧૬ **શ્રી ગણપતભાઈ આઈ. પટેલ**
ગણપત યુનિવર્સિટી


૨૦ **શ્રી ગોવિંદભાઈ એલ. ધોળકિયા**
શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટસ પ્રાઈવેટ લિમિટેડ


૨૪ **શ્રી જયંતીભાઈ એમ. પટેલ**
મેઘમણી ગ્રુપ


૨૮ **શ્રી કાન્તિલાલ આઇ. પટેલ**
એરીસ ગ્રુપ


૩૨ **શ્રી કનુભાઈ એમ. પટેલ**
મોન્ટેકાર્લો લિમિટેડ


૩૬ **ડો. કિરણભાઈ સી. પટેલ**
ઉદ્યોગપતિ અને કાર્ડિયોલોજીસ્ટ



૪૦

**શ્રી કિશોરભાઈ વિરમગામા**
આયર્ન ટ્રાયંગલ લિમિટેડ



૪૪

**શ્રી લાલજીભાઈ પટેલ**
ધર્મનંદન ડાયમંડસ પ્રાઇવેટ લિમિટેડ



૪૮

**શ્રી લવજીભાઈ ડી. ડાલીયા (બાદશાહ)**
અવધ ગ્રુપ



૫૨

**શ્રી પંકજભાઈ આર. પટેલ**
ઝાયડસ કેડીલા ગ્રુપ



૫૬

**શ્રીમતી પરિન્દાબેન ડી. પટેલ**
ઓટો પાવર



૬૦

**શ્રી પ્રતાપભાઈ બી. પટેલ**
હરસિદ્ધ ગ્રુપ



૬૪

**શ્રી વલ્લભભાઈ પટેલ**
કિરણ જેમ્સ પ્રાઈવેટ લિમિટેડ



૬૮

**ડો. વિઠ્ઠલભાઈ ડી. ધડૂક**
ન્યુરોલોજિસ્ટ






OREVA®

# શ્રી ચિંતનભાઈ જે. પટેલ

## અજંતા-ઓરેવા ગ્રુપ

ક્યારેય કોઈ ગ્રહ નડી નથી શકતો મને, ચક્રો હું મારા ભાગ્યના બિન્ધાસ્ત ફેરવું,

કાળના ચક્ર સમી મારી ગતિ નથી, મરજી મુજબ હું કાળનો ઈતિહાસ ફેરવું.

સમયના ચક્રને પોતાની મરજી મુજબ ફેરવી શકવાની દ્રઢતા ધરાવતા વિરલ વ્યક્તિત્વ છે શ્રી ચિંતનભાઈ જે. પટેલ. વોલ ક્લોકનું નામ પડે એટલે તરત જ એક નામ ઉભરે..અજંતા ક્લોક!! અજંતા ક્લોક બનાવવાની શરૂઆત શ્રી ઓધવજીભાઈ પટેલ દ્વારા ૧૯૭૧માં પ્રસ્થાપિત અજંતા-ઓરેવા ગ્રુપ દ્વારા થઇ હતી. અને આજે આ ઉદ્યોગના ત્રીજી પેઢીના વારસ તરીકે તેઓએ આ ભવ્ય વારસો માત્ર જાળવ્યો જ નથી કિંતુ તેની ભવ્યતામાં વધારો કર્યો છે. કહેવાય છે કે "તમારી આવડત તમને ઉચ્ચ સ્થાન પર મૂકે છે પણ તમારી મહેનત તમને ઉચ્ચ સ્થાન પર ટકાવી રાખે છે", આ શબ્દો તેમણે અક્ષરસઃ યથાર્થ સાબિત કર્યા છે.

બાળપણથી જ વ્યાપારનું શિક્ષણ સંસ્કારમાં મેળવનાર શ્રી ચિંતનભાઈ પટેલે અમેરિકાની ખ્યાતનામ "કેલીફોર્નીયા સ્ટેટ યુનિવર્સીટી"માંથી અર્થશાસ્ત્રના વિષય સાથે B.A.નો અભ્યાસ પૂર્ણ કર્યો. વ્યાપારને

સર્વોચ્ચ ઉંચાઈ પર પહોંચાડવાના સ્વપ્નાઓ સાથે આધુનિક શિક્ષણને ઉદ્યોગના નવીનીકરણ સાથે જોડીને શ્રી ચિંતનભાઈએ વ્યાપારની નવી પરિભાષા કેળવી છે. તેઓ અત્યંત પ્રામાણિક, ઉત્સાહી અને પરિણામલક્ષી અભિગમ ધરાવતા પ્રશિક્ષિત યુવાન અને ઉદ્યમી ઉદ્યોગપતિ છે.

ક્લોક બનાવવાથી શરુ થયેલી સફરમાં આજે અજંતા-ઓરેવા ગ્રુપે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કર્યા છે અને આ નાનકડી સફર આજે એક અનંત યાત્રા બની ગઈ છે. સમય સાથે આ ગ્રુપે પોતાના ઉત્પાદનોમાં અનેક નવીનીકરણો ઉમેર્યા છે અને આ વૈવિધ્યકરણ ૧૯૯૦ના વર્ષથી સતત ચાલુ જ રહ્યું છે. નવી સદીના વર્ષ ૨૦૦૦માં ડીજીટલ ક્લોક ઇન્ડસ્ટ્રીઝમાં પ્રવેશ દ્વારા ગ્રુપે ઉદ્યોગક્ષેત્રમાં નવી જ કેડી કંડારી. અવનવા પ્રયોગો અને અવનવા સપનાઓ સાથે ગ્રુપે વર્ષ ૨૦૦૨માં CFL પ્રોડક્ટ દ્વારા લાઈટીંગ ઇન્ડસ્ટ્રીમાં ઝંપલાવ્યું અને દેશમાં આ ક્ષેત્રમાં નવો જ પ્રકાશ પાથર્યો. છેલ્લા પાંચ વર્ષથી અજંતા-ઓરેવા ગ્રુપે LED લાઈટીંગમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

શ્રી ચિંતનભાઈની આ સફળ વિકાસયાત્રામાં શ્રી જયસુખભાઈ ઓધવજી પટેલ સતત માર્ગદર્શક બનીને તેમની સાથે રહ્યા છે. શ્રી જયસુખભાઈ ઓધવજી પટેલના અવિરત માર્ગદર્શન હેઠળ શ્રી ચિંતનભાઈ જે. પટેલ દ્વારા કાર્યાન્વિત કરાયેલ યોજનાઓ થકી અજંતા-ઓરેવા ગ્રુપે ઉદ્યોગક્ષેત્રમાં હરણફાળ ભરેલ છે. મોરબીમાં પોતાનું સામ્રાજ્ય જમાવી ચૂકેલા અજંતા-ઓરેવા ગ્રુપે મોરબી ઉપરાંત કચ્છના સામખીયાળીમાં પણ



પોતાના વ્યાપારનું વિસ્તૃતિકરણ કર્યું છે. કંપની કચ્છના સામખીયાળીમાં ૧૮૨ એકરની વિશાળ જમીન પર ૧૦૦% ઇન-હાઉસ પ્રોડક્શન કરતી વૈભવી ફેક્ટરી ધરાવે છે. જે કચ્છની સૂકી જમીન પર સુવર્ણ ખેતી સમાન સાબિત થઇ રહી છે.

ઉચ્ચ અને ઉમદા વિચારો સાથેનું જીવન જીવતા શ્રી ચિંતનભાઈએ 'આપો એવું પામો' એ ઉક્તિને સાકાર કરી છે. તેઓના પગલે ચાલતા અજંતા-ઓરેવા ગ્રુપ માને છે જે સમાજ પાસેથી આપણે મેળવીએ છીએ તે સમાજનું ઋણ અદા કરવું એ આપણી ફરજ છે. ભારતનું જોમ, ભારતનું ગૌરવ અને ભારતની સૌથી મોટી તાકાત છે તેનું યુવાધન. પણ બેરોજગારીના અજગરે જાણે સમાજને ભરડો લઇ લીધો છે. તેમ છતાં આવા કપરા સમયમાં પણ યુવાધનને રોજગારી ઉપલબ્ધ કરાવવાની કટિબદ્ધતા આ ગ્રુપે વર્ષ ૧૯૭૧થી સતત જાળવી રાખી છે. ઉપરાંત, મોંઘવારીના આજના યુગમાં જ્યારે ઘરની બંને મુખ્ય વ્યક્તિઓને આવક મેળવવાની જરૂર છે ત્યારે મોરબી અને સામખીયાળી વિસ્તારના બંને મેન્યુફેક્ચરિંગ એકમોની આજુબાજુના ગામડાઓમાંથી હજારો બેરોજગાર બહેનોને, તેઓ બહુ શિક્ષિત ન હોવા છતાં, તેમના ગામોની નજીક અજંતા-ઓરેવા ગ્રુપ દ્વારા રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. હાલ લગભગ પાંચ હજારથી વધારે બહેન-દીકરીઓને રોજગારી મળી રહી છે જે ખરા અર્થમાં "સેકન્ડ અર્નર"ની વર્તમાન માંગને મહદઅંશે સંતોષે છે. સ્ત્રીઓને સ્વમાનની રાહ પર આગળ વધારનાર ચિંતનભાઈએ વ્યાપારિક કુશળતા અને યોગ્ય આયોજન સાથે દેશ-વિદેશમાં નામના મેળવી છે. આ રીતે માત્ર ગુજરાત જ નહીં કિન્તુ ભારતના વિકાસમાં પણ શ્રી ચિંતનભાઈ અપ્રતિમ વ્યક્તિ તરીકે અનન્ય ફાળો આપી રહ્યા છે.





દરેક વ્યક્તિ પોતાની રીતે કાબિલ હોય છે, બસ જરૂર છે તો તેમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જગાડવાની, તેમના અંતરાત્માને વાચા આપવાની! અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવતા આ અદ્‌ભુત કામ કરી રહ્યું છે અજંતા-ઓરેવા ગ્રુપ! મોરબી-સામખીયાળી પંથકના ગ્રામ્યજનોને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી તેનો ઉપયોગ રાષ્ટ્ર ઉત્થાનમાં કેવી રીતે કરી શકાય તેનો આદર્શ પુરાવો અજંતા-ઓરેવા ગ્રુપ પૂરો પાડી રહ્યું છે. આના લીધે ગ્રામ્યજનોની માથાદીઠ આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જે સરાહનીય છે.

અદ્‌ભૂત મેનેજમેન્ટ અને આયોજનબદ્ધ કાર્યશૈલીના લીધે આજે અજંતા-ઓરેવા ગ્રુપે વૈશ્વિક સ્તર પર નામના મેળવી છે. આ માટે અજંતા-ઓરેવા ગ્રુપને ભારત સરકાર દ્વારા અવારનવાર અનેક રાષ્ટ્રીય પુરસ્કારો દ્વારા નવાજવામાં આવેલ છે. આ અવોર્ડસની શ્રૃંખલામાં હાઈએસ્ટ ક્લોક એક્ષ્પોર્ટ, એક્સીલન્સ ઇન કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક, કન્સીસટન્ટ ગ્રોથ રેટ જેવા અસંખ્ય અવોર્ડસ સામેલ છે. આ ઉપરાંત કંપનીને સેન્ટ્રલ એકસાઈઝ તરફથી અનેકવાર હાઈએસ્ટ રેવન્યુ કન્ટ્રીબ્યુશન જેવા એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવેલ છે.

પ્રગતિના પથ પર સદાય સર્વેને સમાન ગણીને અને સાથે લઈને ચાલતા ચિંતનભાઈ એટલે આજના યુવાધન માટેનો આદર્શ!!






Samarth
DIAMOND
Spreading Happiness

# શ્રી દિનેશભાઈ પટેલ

## સમર્થ ડાયમંડ

સબળ... શક્તિશાળી... નિષ્ણાત... પોતાના વિષય ઉપર પ્રબળ કાબૂ ધરાવનાર... શબ્દકોશ તો સમર્થ શબ્દને કંઈક આ રીતે વર્ણવે છે ! પરંતુ સમર્થ શબ્દનો સૌથી આદર્શ પર્યાય એટલે શ્રી દિનેશભાઈ પટેલ. જેમ હીરાને યોગ્ય પાસા પડ્યાં બાદ તેનું મૂલ્ય અનેકગણું વધી જાય છે તેમજ હીરા ઉદ્યોગમાં સમર્થ ડાયમંડનું મૂલ્ય અન્ય કંપનીઝ કરતાં અનેકગણું વધુ છે, અને આ સફળતાનો શ્રેય જાય છે શ્રી દિનેશભાઈ પટેલને !

દિનેશભાઇએ વર્ષ ૧૯૮૭માં હીરાના ક્ષેત્રમાં પદાર્પણ કર્યું હતું. એક નાનકડા કારખાનાથી શરૂઆત કરીને અને અંદાજે દસેક જેટલા કર્મચારીઓને કામે રાખીને તેઓએ સમર્થ ડાયમંડનો પાયો નાખ્યો જે આજે ૩૩૦૦ કરતા પણ વધુ કર્મચારીઓનું એક વિરાટ વટવૃક્ષ બની ચૂક્યું છે.

શ્રી દિનેશભાઈ પટેલ જ્યારે હીરા ક્ષેત્રમાં આવ્યા ત્યારે ટૂંકા ગાળામાં કમાણી કરી લેવાના ઘણા રસ્તાઓ હતા. હીરાના ઉદ્યોગમાં કામ કરવા માટે ઘણા પડકારોનો સામનો પણ કરવો પડતો હતો. પરંતુ દિનેશભાઈ

પોતાના નિર્ધાર પર મક્કમ હતાં. તેઓ નૈતિકતા, ઇમાનદારી, સચ્ચાઇ અને વિશ્વાસ સાથે વેપાર કરવા માંગતા હતા અને દિનેશભાઇએ આજે પણ આ મૂલ્યોને ટકાવી રાખ્યા છે.

દિનેશભાઇ પટેલનો જન્મ મહેસાણાના કોઠાસણા ગામના એક ગરીબ ખેડૂત પરિવારમાં થયો હતો. પિતા માણેકલાલ હીરાભાઇ પટેલ સ્વયં નિરક્ષર હતા પરંતુ તેઓએ દિનેશભાઇ અને તેમના ભાઈઓને ઉચ્ચ અભ્યાસ, સંસ્કાર અને મૂલ્યો વારસામાં આપ્યા હતા.









દિનેશભાઇના સૌથી મોટાભાઇ દરશથભાઇ પટેલે વલ્લભ વિદ્યાનગરના સરદાર પટેલ વિશ્વ વિદ્યાલયમાંથી સિવિલ એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો. ત્યારબાદ વર્ષ ૧૯૮૬માં તેઓએ એક કન્સ્ટ્રક્શન કંપનીમાં નોકરીની શરૂઆત કરી અને ૩ વર્ષ અથાક પરિશ્રમ કર્યા બાદ વર્ષ ૧૯૮૯માં તેઓ પણ દિનેશભાઈ સાથે સમર્થ ડાયમંડમાં જોડાયા.

દિનેશભાઇ અને તેમના ભાઇઓના સામૂહિક પ્રયત્નોથી સમર્થ ડાયમંડનો વિકાસ થવા લાગ્યો. દિનેશભાઇના ભાઇઓમાં સૌથી નાના ભાઇ ગોવિંદભાઇએ પૂણેથી એમબીએનો ઉચ્ચ અભ્યાસ કર્યો અને ત્યાર બાદ દેશની ટોચની ફાર્મા કંપનીઝ સાથે ૫ વર્ષ કામ કરીને અને યોગ્ય અનુભવનું ભાથું લઈને તેઓ ૧૯૯૫માં સમર્થ ડાયમંડ સાથે કામકાજમાં જોડાયા. શ્રી ગોવિંદભાઇની મેનેજમેન્ટ સ્કીલ અને કુશળતાથી સમર્થ ડાયમંડના વિકાસને વેગ મળ્યો. ગોવિંદભાઇએ સમર્થ ડાયમંડમાં અત્યાધુનિક ટેક્નોલોજીના ઉપયોગને પ્રાધાન્ય આપ્યું.

આજે સમર્થ ડાયમંડનું  નામ જ તેની ઓળખ બની ગઇ છે. દિનેશભાઇ પટેલની કામ કરવાની શૈલીથી સમર્થ ડાયમંડ સતત સફળતાના નવા પડાવો પાર કરી રહ્યું છે. દિનેશભાઇની શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે સમર્થ ડાયમંડનો તેના ગ્રાહકો સાથેનો સંબંધ વધુ ને વધુ મજબૂત બન્યો છે. દિનેશભાઇની આગવી સૂઝ થકી સમર્થ ડાયમંડ તેના નામની જેમ સમર્થ એટલે કે સક્ષમ અને શકિતશાળી બનતું જાય છે અને આ જ સામર્થ્યનો ટેકો મળે છે સમાજના જરૂરિયાતમંદ વર્ગને પણ!

તેઓના ભાઈ શ્રી દશરથભાઈની વકતૃત્વ શૈલી પણ સમર્થ ડાયમંડની સફળતા પાછળનું વિશેષ પાસુ છે. દશરથભાઈએ પોતાની વાક-છટાથી ગ્રાહકો સાથે આત્મીય સંબંધ બાંધીને તેમજ તેઓને સંતોષ અને ખાતરી આપીને હીરા ઉદ્યોગમાં એક આગવું સ્થાન હાંસલ કર્યું છે.

વર્ષ ૨૦૦૧ના વિનાશકારી ધરતીકંપથી સમર્થ ડાયમંડને પણ વિશેષ ફટકો પડ્યો હતો. સમર્થ ડાયમંડના સાથીદારો જેમને ધરતીકંપમાં નુકસાન થયું હતું અને અણધારી રીતે હોસ્પિટલ્સના ખર્ચ આવ્યા હતા તેવા વિકટ સમયે સમર્થ ડાયમંડસે પોતાના કર્મચારીઓના દુઃખને પોતાનું દુઃખ ગણીને સવિશેષ આર્થિક મદદ કરી હતી.

સમર્થ ડાયમંડની વિશેષ કાર્યશૈલીના કારણે જ વર્ષ ૨૦૧૩-૧૪માં ગુજરાત સરકારે બેસ્ટ એમ.એસ.એમ.ઇ અવોર્ડથી સમર્થ ડાયમંડને નવાજ્યું હતું. સમર્થ ડાયમંડનું લક્ષ્ય છે સર્વોચ્ચ ગુણવત્તાના હીરાનું ઉત્પાદન કરતી વિશ્વ કક્ષાની કંપની બનવાનું, જે સાર્થક થઈ રહ્યું છે કંપનીના પ્રમોટર્સના પરિવર્તનશીલ પ્રયત્નો અને પ્રગતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા થકી!







# શ્રી ગણપતભાઈ આઈ. પટેલ

## ગણપત યુનિવર્સિટી

સ્નેહ નીતરતી આંખો એમની, વાત્સલ્યની જાણે મૂર્તિ સોહાય...

ખંત, ખમીર અને ખુમારી - જાણે એમની ઓળખ બની જાય!!

અહીં વાત છે મહેસાણાની ખમતીધર ભૂમિ પર જન્મ લેનાર ખુમારીભર્યા વ્યક્તિત્વની... એક એવા એક જોશીલા અને જોમવંતા અસ્તિત્વની કે જેમાં જેટલી મહાનતા છે એટલી જ સરળતા છે... અહીં વાત છે શ્રી ગણપતભાઈ ઈશ્વરભાઈ પટેલની!

શ્રી ગણપતભાઈનો જન્મ ૧૨મી જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ ઊંઝા તાલુકાના ભુનાવ નામના નાનકડા ગામમાં થયો હતો. તેઓના પિતા શ્રી ઈશ્વરભાઈ એક સામાન્ય ખેડૂત અને વ્યાપારી હતા. પોતાની માતા મેનાબેનના સંસ્કારો અને ઉદારતાથી ગણપતભાઈ ખૂબ પ્રભાવિત હતા. શ્રી ઈશ્વરભાઈ અને મેનાબેનના કુલ ૧૧ સંતાનો પૈકી દીકરાઓમાં ગણપતભાઈ સૌથી નાના હતાં. મેનેજમેન્ટના સંસ્કાર તો તેઓએ ખુદ તેમની માતા પાસેથી મેળવ્યા હતા.

પોતાના નાનકડા ગામમાં સુવિધાઓના અભાવે માત્ર પ્રાયમરી શિક્ષણ લઈને, માતાપિતાના સંસ્કારો અને આશીર્વાદ લઈને શ્રી ગણપતભાઈએ મોટાભાઈ સાથે જૂનાગઢ જઈ હાઇસ્કૂલનું શિક્ષણ મેળવ્યું અને ત્યારબાદ અમદાવાદની એમ.જી.સાયન્સ કોલેજમાં એડમીશન મેળવ્યું. પરંતુ ગણપતભાઈની આંખોમાં અઢળક સપનાંઓ હતા અને મનમાં એ સપનાંઓને પૂરી કરવાની ખેવના હતી, કંઈક અલગ જીવન જીવવાનું ઝનૂન હતું. સામાન્ય માણસોની જેમ ગાડરિયા પ્રવાહમાં વહેવાનું એમને મંજૂર નહોતું. 'પરદેશગમન' શબ્દ સતત એમના માનસપટ પર ટકોરા આપતો હતો.

તેઓ કેમિકલ એન્જિનિયરિંગમાં કારકીર્દી બનાવવા માંગતા હતા તેથી તેઓએ યુએસએની કેટલીક યુનિવર્સિટીઝમાં એડમીશન માટે અરજી કરી અને અંતે તેઓને આયોવા સ્ટેટ યુનિવર્સિટી તરફથી પ્રવેશની ઓફર મળી. માત્ર ૧૯ વર્ષની નાની ઉંમરે તેઓએ પત્ની મંજુ અને દીકરી રીટાને આ દેશમાં જ છોડીને અમેરિકા જવા ઉડાન ભરી લીધી.

પરદેશની ધરતી પર પ્રતિકૂળ પ્રાકૃતિક પરિસ્થિતિ અને નાણાભીડના પડકારોનો સામનો કરીને તેઓ દૃઢતાપૂર્વક પોતાના લક્ષ્યની દિશામાં આગળ વધતાં રહ્યાં. પરંતુ સમય હજુ પણ તેઓની પરીક્ષા કરી રહ્યો હતો. કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી દ્વારા કેમિકલ એન્જિનિયરીંગમાં પ્રવેશ આપવાનો ઇનકાર કરાતાં તેઓનું કેમિકલ એન્જિનીયર બનવાનું સપનું રોળાઈ ગયું. પરંતુ તેઓએ હીંમત ન હારી અને ૧૯૬૬માં કાલપોલી, પોમોન ખાતે ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગમાં પ્રવેશ મેળવ્યો. વર્ષ ૧૯૬૯માં તેઓએ ઇલેક્ટ્રોનિક્સ એન્જિનીયરીંગનું શિક્ષણ પૂર્ણ કર્યું અને તેમની પત્ની મંજુલાબેન અને પુત્રી રિટાને યુએસએ બોલાવી લીધાં.

ગણપતભાઈને તેઓની સૌ પ્રથમ નોકરી એક એવીએશન કંપની લોકહીડમાં મળી અને ત્યાર બાદ ટૂંક સમયમાં જ તેઓએ અમેરિકાની બરોસ કંપનીમાં નોકરી મેળવી. પરંતુ થોડા જ સમયમાં તેઓને લાગવા લાગ્યું કે તેઓ કોઈ ઘરેડમાં ફસાવા નથી માંગતા... અને તેઓએ વહેણ બદલી નાખ્યું.



વર્ષ ૧૯૭૮માં પોતાના ઘરના ગેરેજમાં જ તેમણે ચિરોકી ઈન્ટરનેશનલ નામે બિઝનેસ શરુ કર્યો. તેમાં તેમણે પાવર સપ્લાય સિસ્ટમ બનાવવાનું શરુ કર્યું. ધીમે-ધીમે IBM, CISCO, મોટોરોલા, હ્યુલેટ પેકર્ડ વગેરે જેવા ઘણા પ્રતિષ્ઠિત ક્લાયન્ટ્સ તેમની સાથે જોડાતા ગયા. ટૂંક સમયમાં જ ૧૫૪૦ના વર્કફોર્સ સાથે બેલ્જીયમ, મેક્સીકો અને મલેશિયામાં પણ કંપનીના મેન્યુફેક્ચરિંગ યુનિટ શરુ થયા. વર્ષ ૧૯૮૪માં, કંપનીએ મુંબઈમાં પોતાની સબસિડીયરી કંપની શરુ કરી. ત્યાર બાદ વર્ષ ૧૯૯૯માં તેમણે તેમની કંપની વેચી દીધી પણ મેનેજમેન્ટના કહેવા પર તેઓ તેમાં વર્ષ ૨૦૦૪ સુધી પ્રેસીડેન્ટ બનીને સેવા આપતા રહ્યાં.

જીવનમાં સફળતાના સર્વોચ્ચ સોપાન સર કરી લીધા બાદ તેઓએ પોતાની જન્મભૂમિનું ઋણ અદા કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ગુજરાત રાજ્યમાં હાઈ-ટેક શિક્ષણને પ્રોત્સાહન આપવા વૈશ્વિક સ્તરનું કેમ્પસ સ્થાપવા માટે તેઓએ માતબર રકમનું દાન આપ્યું. તેઓના આ સ્વપ્નને વાસ્તવિકતામાં બદલવામાં જાણીતા ઉદ્યોગપતિ અને સ્વપ્નદ્રષ્ટા શ્રી અનિલભાઇ પટેલની આગેવાની હેઠળના એમ.ડી.એફ.એફ. ટ્રસ્ટના મહાન પ્રયત્નો અને અન્ય પરોપકારીઓના ઉદાર સમર્થને પણ ફાળો આપ્યો... અને વર્ષ ૨૦૦૫ માં શિક્ષણ માટેના એક વિશાળ કેમ્પસની સ્થાપના કરવામાં આવી. શ્રી ગણપતભાઈના આ ઉમદા કાર્યના સન્માનમાં આ કેમ્પસનું નામ ગણપત વિદ્યાનગર કેમ્પ્સ રાખવામાં આવ્યું. શ્રી ગણપતભાઈ આ યુનિવર્સિટીના પેટ્રોન-ઇન-ચીફ છે.

ગણપત વિદ્યાનગર કેમ્પસ મહેસાણાથી આશરે ૧૨ કિમી દૂર મહેસાણા-ગોઝારિયા હાઈવે પર ખેરવા ગામ પાસે સ્થિત છે. આ કેમ્પસ અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર સાથે સરકારી તેમજ ખાનગી તમામ પરિવહન સુવિધાઓ થકી જોડાયેલ છે. ૩૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલ અને લીલોતરીથી છવાયેલ આ કેમ્પસનું પર્યાવરણ આહ્લાદક અને આકર્ષક છે.

આ યુનિવર્સિટીમાં શિક્ષણ ક્ષેત્રના અનેકવિધ કોર્સને આવરી લેવાયા છે. સર્ટીફાઈડ પ્રોફેશનલ ઇન રિયલ એસ્ટેટ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ હાઉસિંગ ફાઇનાન્સ નામનો કોર્સ ગુજરાતમાં સૌપ્રથમવાર શરુ કરનાર ગણપત યુનિવર્સિટી છે. વર્ષ ૨૦૧૪ માં ASSOCHAM (એસોસિએટેડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી) અને ધી એજ્યુકેશન પોસ્ટ દ્વારા એજ્યુકેશન એક્સીલન્સ એવોર્ડમાં આ સંસ્થાને 'બેસ્ટ પ્રાઈવેટ યુનિવર્સિટી ઓવરઓલ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ગણપત વિદ્યાનગર કેમ્પસમાં વિદ્યાર્થીઓના માનસિક, શારીરિક, નૈતિક, શૈક્ષણિક અને સામાજિક વિકાસને વધારવાના હેતુથી ગણપત વિદ્યાલયની પણ સ્થાપના કરવામાં આવી છે જેમાં નર્સરીથી લઈને ધોરણ ૧૨ (વિજ્ઞાન / વાણિજ્ય) સુધીનું શિક્ષણ પ્રાપ્ય છે. તેનું સંચાલન મહેસાણા જિલ્લા શિક્ષણ મંડળ દ્વારા થાય છે.

શિક્ષણના ક્ષેત્રમાં આટલું મહાન યોગદાન આપનાર શ્રી ગણપતભાઈ શિક્ષણ ઉપરાંત અન્ય સામાજિક પ્રવૃત્તિઓ માટે પણ ઉદાર મને દાન કરે છે. તેઓ માને છે કે શિક્ષણનો વ્યાપ વધારવાથી જ દેશના વિકાસને વેગવાન બનાવી શકાશે. સદા યુવા વિદ્યાર્થીઓના સંસર્ગમાં રહેતાં શ્રી ગણપતભાઈ મનથી હંમેશા યુવાન જ રહ્યાં છે અને રહેશે!








# શ્રી ગોવિંદભાઈ એલ. ધોળકિયા

## શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ

કહેવાય છે કે સફળ વ્યક્તિઓ જન્મથી જ વિશેષ લાક્ષણિક્તાઓ સાથે જન્મ લેતા હોય છે. શ્રી ગોવિંદભાઇ ધોળકીયા માટે પણ આ શબ્દસઃ સત્ય છે. શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટના સ્થાપક અને દેશના ટોચના ઉદ્યોગકારોમાંના એક એવા શ્રી ગોવિંદભાઇ ધોળકિયાનો જન્મ ગુજરાતની ગૌરવવંતી ધરા પર દુધાળા ગામે ૭ નવેમ્બર ૧૯૪૭ના રોજ થયો હતો. બાળપણથી જ આગવી ધગશ, કોઠાસૂઝ અને કુશળતા ધરાવતા ગોવિંદભાઈમાં સંસ્કાર અને શિસ્તનું સિંચન પાયામાંથી થયેલું હતું. પોતાના માતા-પિતા પાસેથી આશિર્વાદના અમી લઈને તેમજ દૂધાળા પ્રાથમિક શાળામાંથી ધોરણ ૪ અને લાઠીની તાલુકા શાળામાંથી ધોરણ ૭ સુધીના ભણતરનું ભાથું લઈને, અથાક પરિશ્રમ થકી પ્રારબ્ધને પલટાવવાનો અને સાહસ થકી સિદ્ધિઓને હાંસલ કરવાનો સંકલ્પ લઈ, ૧૪ વર્ષની તરૂણ વયે ગોવિંદભાઈ દૂધાળા છોડીને 'સોનાની મૂરત' કહેવાતાં સુરતમાં આવી પહોંચ્યા.

અનેક સંઘર્ષો અને ચડતી-પડતીનો સામનો કરીને શ્રી ગોવિંદભાઈ પોતાના વ્યાવસાયિક જીવનમાં આગળ વધતાં રહ્યાં. લાઠી ગામે હીરાના નાનકડા કારખાનાથી લઈને સુરતમાં એક સફળ સામ્રાજ્ય સુધીની મજલમાં

ગોવિંદભાઈએ ક્યારેય પાછું વળીને જોયું નથી. પોતાની મહેનત તેમજ શ્રી ભગવાનભાઈ પટેલ અને શ્રી વીરજીભાઈ ગોધાણી નામના બે પાર્ટનર્સનો સાથ લઈને ગોવિંદભાઈએ ૧૯૭૦માં ફક્ત ત્રણ કારીગરો રાખીને નવું કારખાનું શરૂ કર્યું અને ત્યાર બાદ શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ નામથી કંપની શરૂ કરી. ફક્ત સાત જ વર્ષના ટૂંકા ગાળામાં પોતાના પરિશ્રમ અને પ્રતિબદ્ધતાના બળે એક્સપોર્ટ-ઈમ્પોર્ટ શરૂ કરીને તેઓએ હીરા ઉદ્યોગમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું. શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ ભારતમાં ડાયમંડ મેન્યુફેક્ચરિંગ, ડાયમંડ તેમજ ડાયમંડ જ્વેલરીના વેચાણ ક્ષેત્રે કાર્યરત છે. તે ફેશનેબલ, કેઝ્યુઅલ અને ખાસ બ્રાઇડલ જ્વેલરીનું



નિર્માણ કરે છે. આ ઉપરાંત કંપની ડાયમંડ હોલસેલર, જ્વેલરી મેન્યુફેક્ચરર્સ, રિટેલ ટ્રેડર તેમજ જ્વેલરીના ચેઇન્ સ્ટોર્સ તેમજ નાના-મોટા જવલેરી સ્ટોર્સને મુંબઇના સેલ્સ નેટવર્ક મારફતે સીધું વેચાણ પણ કરે છે. અનેક એવોર્ડથી નવાજીત શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટને ૨૦૧૭માં જ્વેલરી ન્યુઝ એશિયા દ્વારા ઈ-સપ્લાયર ઓફ ધી યરની કેટેગરીમાં 'JNA એવોર્ડઝ ૨૦૧૭' એનાયત કરવામાં આવ્યો છે. તદઉપરાંત વિશ્વ વિખ્યાત IIM, અમદાવાદ સંસ્થામાં IIMA અને SRK એન્યુઅલ લેકચર સિરીઝ શરૂ કરવા કંપની અને સંસ્થા વચ્ચે એક MoA કરવામાં આવ્યું છે.

સુરત અને મુંબઈ ઉપરાંત કંપની હોંગકોંગ અને બેલ્જિયમમાં પણ ઓફિસીસ ધરાવે છે અને અમેરિકા, યુરોપ, એશિયા તેમજ પૂર્વના દેશોમાં વેપાર કરે છે. આજે ગોવિંદભાઈની ફેક્ટરીમાં અંદાજે ૭૦૦૦ થી પણ વધુ કર્મચારીઓ કામ કરે છે. રોજ સવારે પ્રાર્થનાથી પોતાના દિવસની શરૂઆત કરતાં આ કર્મચારીઓ માટે કંપની એ તેઓનું કુટુંબ છે જ્યાં તેઓ સ્વતંત્રતાથી કામ કરે છે, વેતનની સાથે સાથે ચેતન પણ મેળવે છે, સાથે બેસીને ગરમ-ગરમ જમણ જમે છે અને દિવસના અંતે સકારાત્મકતાનું ભાથું લઈને ઘરે જાય છે.

શ્રી ગોવિંદભાઈએ શિક્ષણ ક્ષેત્રે અકલ્પનીય દાન આપ્યું છે. પોતાના પાર્ટનર સ્વ. વીરજીભાઈની યાદમાં રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વી. એન. ગોધાણી કન્યા વિદ્યાલય, વી. એન. ગોધાણી ઈંગ્લીશ સ્કૂલ, રામકૃષ્ણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાયડ સાયન્સીસ, શ્રી રામકૃષ્ણ - હરેકૃષ્ણ એકેડમી, માતૃશ્રી સંતોકબેન લાલજીભાઈ ધોળકિયા હાઈસ્કૂલ, માતૃશ્રી સંતોકબા રીડીંગ હોલ, મૂક-બધિર વિકાસ ટ્રસ્ટ, માતૃશ્રી સંતોકબા કન્યા છાત્રાલય, માતૃશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યાશાળા,





દૂધાળામાં પ્રાથમિક શાળા, આદિવાસી વિસ્તાર ડાંગમાં માતૃશ્રી સંતોકબા ધોળકિયા હાઈસ્કૂલ, સૌરાષ્ટ્રના શેખ પીપરિયામાં પ્રાથમિક શાળા અને કમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર પાટીદાર સમાજની શૈક્ષણિક નિધીમાં બાળકોને શિષ્યવૃત્તિ માટે માતબર દાન વગેરે જેવા અનેક કાર્યો તેઓએ શિક્ષણના ક્ષેત્રમાં કર્યાં છે.

આ ઉપરાંત સમાજની આરોગ્ય સુખાકારી માટે પણ તેઓએ નોંધનીય પગલાં લીધાં છે. શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માતૃશ્રી નંદુબા પોપટભાઈ મેડીકલ સેન્ટરમાં અનેક નિષ્ણાત તબીબો સેવા આપે છે. વી. એન. ગોધાણી સ્કૂલનાં પટાંગણમાં નિયમિત રીતે વિવિધ તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવે છે જેમાં સર્વરોગ નિદાન શિબીર અને વિનામૂલ્યે દવાઓનું વિતરણ થાય છે. મોતીયો, ડાયાબીટીસ, ટીબી વગરેની વિનામૂલ્યે સારવાર, અનેક રક્તદાન શીબીરો, ડાયમંડ વર્કર્સ માટે જાતીય રોગોની જાગરૂકતા અને સારવાર, દૂધાળા ગામમાં વિનામૂલ્યે ચાલતું મેડિકલ સેન્ટર, અનેક ખ્યાત-વિખ્યાત હોસ્પિટલ્સમાં ખાસ ચેરિટેબલ વિંગ્સની  સ્થાપના, એમ્બ્યુલન્સનું દાન, સુરત રક્તદાન કેન્દ્રમાં કોલ્ડ સ્ટોરેજનું નિર્માણ વગેરે જેવા અનેક સેવાકાર્યોનું શ્રેય શ્રી ગોવિંદભાઈને જાય છે.

શ્રી ગોવિંદભાઈ ધોળકિયાનું લક્ષ્ય છે કે દેશની યુવા પેઢી 'કર ભલા, તો હો ભલા'ના સિદ્ધાંત સાથે આત્મચેતનાની જ્યોતથી જન જાગૃતિની મશાલ પ્રગટાવે અને પરિવાર પ્રત્યેની નિષ્ઠાથી સમાજ પ્રત્યેની જવાબદારી સુધીની મજલ સાહસિકતા અને સફળતાથી નિભાવે.










Meghmani Organics Limited

# શ્રી જયંતીભાઈ એમ. પટેલ

## મેઘમણી ગ્રુપ

જ્યારે મક્કમ નિર્ધાર અને પ્રામાણિક પ્રયત્નોનો સમન્વય સર્જાય છે ત્યારે સફળતા અને ઉત્કૃષ્ટતા સ્વાભાવિક બની જાય છે. આ જ સિદ્ધાંતના પાયા પર રચાઈ છે મેઘમણી ગ્રુપની મજબૂત ઈમારત ! શ્રી જયંતિભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળ વિકાસની નવી ક્ષિતિજો વિસ્તારી રહેલ મેઘમણી ગ્રુપ પિગ્મેન્ટ, ડાઇસ, ઇન્ટરમિડિયેટ્સ, બેઝિક કેમિકલ ઉપરાંત એડિટીવ અને પેસ્ટીસાઈડ્સનું ઉત્પાદન કરે છે. તે સીપીસી બ્લૂ, આલ્ફા બ્લૂ અને બિટા બ્લૂનું ઉત્પાદન કરતી વિશ્વની સૌથી મોટી કંપનીઝ પૈકી એક છે તેમજ પિગમેન્ટ ગ્રીનના ઉત્પાદનમાં પણ વિશ્વની અગ્રણી કંપની છે.

શ્રી જયંતિભાઈ પટેલ મેઘમણી ઓર્ગેનિક લિમિટેડના ચેરમેન તેમજ મેનેજિંગ ડિરેક્ટર છે. તેઓ ડાય અને પિગમેન્ટ ક્ષેત્રમાં તેમજ એગ્રો કેમિકલ ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવે છે. તેઓએ વડોદરાની ખ્યાતનામ એમ.એસ. યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ કેમિકલ એન્જીનીયરીંગની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

શ્રી જયંતિભાઈ પટેલનો મેઘમણી ગ્રુપ ઓફ કંપનીઝના વિકાસમાં સિંહફાળો રહ્યો છે. હાલમાં તેઓ તમામ નીતિ વિષયક નિર્ણયો અને વ્યૂહરચનાઓના નિર્માણ માટે જવાબદાર છે. તેઓના પ્રયત્નો થકી જ મેઘમણીએ આજે સફળતાના નવા આયામો સર કર્યા છે.

મેઘમણી ગ્રુપના વિશ્વ કક્ષાના અત્યાધુનિક પ્લાન્ટ્સમાં હજારો કુશળ કામદારો કાર્ય કરે છે. મેઘમણી ગ્રુપનું હેડ ક્વાર્ટર અમદાવાદમાં છે. ગ્રુપ દ્વારા પીગમેન્ટ્સ પ્લાન્ટ વટવા અને પનોલી ખાતે તેમજ એગ્રોકેમીકલ પ્લાન્ટ છારોડી અને અંકલેશ્વરમાં સ્થાપવામાં આવ્યા છે. મેઘમણી ગ્રુપમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરીથી લઇને સ્ટોરેજ સુધીની તમામ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.





ડાઇસ અને ઇન્ટમિડિયેટ્સ તેમજ ફાઇન કેમ માટે મેઘમણી ગ્રુપ અમેરિકા, યુરોપ, તુર્કી અને ચીનમાં બ્રાંચ ઓફિસીસ ધરાવે છે તેમજ બેલ્જીયમ, તુર્કી, રશિયા, અમેરિકા અને ઉરુગ્વેમાં વેરહાઉસિસ ધરાવે છે. ગ્રુપના ભારતભરમાં અનેક સ્ટોકિટ્સ, એજન્ટ, ડીસ્ટ્રીબ્યૂટર અને ડીલર્સ છે. આ ગ્રુપ આજે સમગ્ર વિશ્વમાં અગ્રણી મલ્ટી નેશનલ કંપનીઝ સહિત અનેક ખ્યાતનામ ગ્રાહકો ધરાવે છે.

મેઘમણી ગ્રુપ પોતાની માલિકીનું સબ સ્ટેશન પણ ધરાવે છે જેમાંથી ઉત્પન્ન કરાતી વીજળીનો ઉપયોગ તે સ્વંય કરે છે. આ ઉપરાંત તેઓ પોતાની માલિકીનો ગેસ ડીસ્ટ્રીબ્યુશન સપ્લાય પણ ધરાવે છે.

મેઘમણી ગ્રુપે પોતાની સમાજ પ્રત્યેની જવાબદારી નીભાવતાં, સમાજસેવા અને પર્યાવરણના રક્ષણના ક્ષેત્રમાં વિશેષ કાર્યો કર્યા છે જેમાં મહિલા સશક્તિકરણના વિશેષ કાર્ય બદલ તેઓને ઇન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશનના અવોર્ડથી નવાજિત કરવામાં આવ્યું છે. આ ગ્રુપ મીઠું પકવતા અગરિયાઓ માટે વિશેષ મેડિકલ ચેકઅપ કેમ્પ પણ આયોજિત કરે છે. ગ્રુપ દ્વારા શૈક્ષણિક તેમજ રમતગમતના ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

મેઘમણી ગ્રુપની સફળતા અને સામાજિક ક્ષેત્રે તેનું યોગદાન જોતાં એમ કહી શકાય કે એક સફળ વ્યાવસાયિક જીવન અને એક દૃષ્ટાંતરૂપ સમાજજીવન વચ્ચેના આદર્શ સંતુલનનું મૂર્તિમંત રૂપ એટલે શ્રી જયંતિભાઈ પટેલ.











# શ્રી કાન્તિલાલ આઇ. પટેલ

## એરીસ ગ્રુપ

જેમ રંગો વગરની દુનિયાની કલ્પના કરવી અશક્ય છે તેવી જ રીતે એરીસ ડાય કેમ ઇન્ડસ્ટ્રીઝ વગર ડાયઝ અને કેમિકલ ઈન્ડસ્ટ્રીની ઓળખ અધૂરી છે. ભારતમાં સૌથી મોટી ડાય સ્ટફ ઉત્પાદન કરતી કંપની તરીકે ખ્યાતિ પામેલ એરીસ ડાય કેમ ઇન્ડસ્ટ્રીઝની સફળતા શ્રી કે. આઇ. પટેલને આભારી છે.

શ્રી કે. આઇ. પટેલે ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં એમ.એસ.સીનો અભ્યાસ કર્યા બાદ વર્ષ ૧૯૮૦માં એરીસ ડાય કેમ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. તેઓની દીર્ઘદ્રષ્ટી અને ક્રાંતિકારી નિર્ણયો થકી આજે એરીસ ડાય કેમ રંગોની દુનિયામાં બાદશાહત મેળવી ચૂક્યું છે. શ્રી કે. આઇ. પટેલે ડાય કેમ ક્ષેત્રના વિશેષ જ્ઞાન થકી એરીસ ડાય કેમ ઇન્ડસ્ટ્રીઝને સફળતાના નવા શિખરો પ્રાપ્ત કરાવ્યા છે.

માત્ર ૨૫ હજાર રૂપિયાના મૂડી રોકાણથી શ્રી કે. આઇ. પટેલે પોતાના બિઝનેસની શરૂઆત કરી હતી... અને આજે તેઓની મહેનત અને આગવી સૂઝના કારણે એરીસ ડાય કેમ ઇન્ડસ્ટ્રીઝ સફળતાના એ મકામ પર છે

જ્યાં કંપનીના વિશ્વ સ્તરે અનેક દેશોમાં ગ્રાહકો છે. વ્યાપારમાં અનેક ચડતી-પડતીનો સામનો કરીને શ્રી કે. આઈ. પટેલ મક્કમ પગલે પોતાના નિર્ધારિત લક્ષ્ય તરફ આગળ વધતાં રહ્યાં છે.

એરીસ ડાય કેમ ઇન્ડસ્ટ્રીઝ એસિડ ડાયઝ તેમજ લેધર અને ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં ઉપયોગમાં લેવાતી ડાયરેક્ટ ડાયઝ અને રિએક્ટીવ ડાયઝનું ઉત્પાદન અને નિકાસ કાર્ય કરે છે. કંપની વિશ્વભરમાં પોતાના ગ્રાહકોને સ્પર્ધાત્મક ભાવ આપીને તેમજ વૈશ્વિક સ્તરે ઊભી થતી માંગને ધ્યાનમાં રાખીને ગુણવત્તા યુક્ત ઉત્પાદનો ઉપલબ્ધ કરાવે છે. એરીસ ડાય કેમ ઇન્ડસ્ટ્રીઝ ગ્રાહકોના સંતોષ તેમજ ગુણવત્તામાં વિશ્વાસ રાખે છે. કંપની માને છે કે ગ્રાહકોનો સંતોષ અને ગુણવત્તા જ બિઝનેસનો વ્યાપ વધારે છે. એરીસ ગ્રુપને સેન્ટ્રલ ગર્વન્મેન્ટે સ્ટાર એક્સપોર્ટ હાઉસ તરીકેની ખ્યાતિ અને માન્યતા પણ આપી છે.









શ્રી કે. આઇ. પટેલ એક સફળ ઉદ્યોગકાર હોવાની સાથે સમાજસેવામાં પણ એટલા જ આગળ પડતા કાર્યો કરી રહ્યાં છે. સૌથી સર્વોચ્ચ કહી શકાય તેવું વિદ્યાદાન કરીને તેઓ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી તો નિભાવી જ રહ્યાં છે, સાથે જ આજના વિદ્યાર્થીઓનું શિક્ષણ થકી સશક્તિકરણ કરીને દેશની આવતીકાલને ઉજ્જવળ બનાવવામાં પોતાનો ફાળો આપી રહ્યાં છે. તેઓ ૭૫ વર્ષ જૂના અને ખ્યાતનામ એવા ઉંઝા એજ્યુકેશન બોર્ડ સાથે સંકળાયેલા છે જેમાં વિવિધ ક્ષેત્રોમાં અભ્યાસ કરાવતી કોલેજો જોડાયેલી છે. આ કોલેજોમાં અંદાજે ૪ હજાર જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ કરી શકે તેવા હેતુથી સહાય પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત શ્રી. કે. આઇ. પટેલ પોતાના સામાજીક કાર્યો માટે સરદાર ધામ ટ્રસ્ટ, ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર ટ્રસ્ટ, અમદાવાદ રોટરી ક્લબ સહિતની સંસ્થાઓમાં જોડાયેલા છે. પોતાની સફળતા પાછળનું રહસ્ય જણાવતા તેઓ કહે છે કે તેમની સફળતા તેમના પરિવારના સહયોગ વિના શક્ય ન હતી. માતાપિતાના આશિર્વાદ તેમજ પત્ની, બાળકો અને પૌત્ર-પૌત્રીઓ જ તેમની તાકાત છે.

વ્યાપારમાં સફળતા માટે શ્રી.કે.આઇ પટેલ એક જ મંત્ર આપે છે કે ઇમાનદારી અને પરિશ્રમનો કોઇ વિકલ્પ નથી. શ્રી.કે.આઇ પટેલની આ જ વિશેષતાઓના કારણે તેમને અને સમગ્ર એરીસ ગ્રુપને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માનનીય સ્થાન પ્રાપ્ત થયું છે.









MONTECARLO
Born to Achieve

# શ્રી કનુભાઈ એમ. પટેલ

## મોન્ટેકાર્લો લિમિટેડ

"આત્મવિશ્વાસના પાયા પર રચાયેલી ઈમારતને પરિસ્થિતિનો કોઈપણ પડકાર ડગાવી શકતો નથી...!"

આત્મવિશ્વાસની આવી પ્રબળતા અને જિંદગીને નીતનવા રસ્તાઓ પર લઇ જવાની ધગશ ધરાવનાર વ્યક્તિ છે શ્રી કનુભાઈ પટેલ!. તેમનો અડગ વિશ્વાસ છે કે સફળતા સ્વયં આપણી પાસે નથી આવતી, આપણે એના સુધી જવું પડે છે. સફળતાને પામવાની પોતાની આ જ ધગશને તેઓએ ૧૯૯૫માં 'મોન્ટેકાર્લો'ના રૂપમાં મૂર્તિમંત કરી જે આજે ભારતની સૌથી વિશ્વસનીય એન્જીનીયરીંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઝમાંની એક છે.

સફળતાની આ મજલમાં તેઓએ અનેક સંઘર્ષો અને પડકારોનો સામનો કર્યો છે પરંતુ તેઓની દ્રઢતા અને મક્કમ મનોબળના સહારે મોન્ટેકાર્લો સતત પોતાની ક્ષિતિજો વિસ્તારતું રહ્યું છે. શ્રી કનુભાઈના એન્જિનિયરિંગ કૌશલ્ય અને નવીન પ્રોજેક્ટ મેનેજમેન્ટ અભિગમના આધારસ્તંભ પર મોન્ટેકાર્લો



લિમિટેડનો નોંધપાત્ર વિકાસ થયો છે. આજે આ કંપની વિશ્વસ્તરની અત્યાધુનિક કન્સ્ટ્રક્શન ટેકનોલોજી દ્વારા મોટા પાયે સિવિલ કન્સ્ટ્રક્શન અને એનર્જી નેટવર્કનું નિર્માણ કરવામાં નિષ્ણાત છે. આ ઉપરાંત તે પાણી અને સિંચાઇ, પરિવહન, માઇનિંગ તેમજ પાવર ક્ષેત્રમાં પણ સેવાઓ આપે છે.

કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં અંદાજે ૪ દાયકા જેટલો અનુભવ ધરાવતાં શ્રી કનુભાઈ પટેલ કંપનીની પ્રગતિને પ્રવેગિત કરવા માટે પોતાના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણથી અવિરતપણે સૌને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપે છે. કોર્પોરેટ બાબતોને લગતાં તમામ કાર્યો તેમજ કંપનીની મુખ્ય નીતિઓ અંગેના નિર્ણયો શ્રી કનુભાઈ દ્વારા લેવામાં આવે છે.





ફક્ત કોર્પોરેટ ક્ષેત્રમાં જ નહીં પરંતુ સામાજિક જવાબદારી અદા કરવામાં પણ શ્રી કનુભાઈ પટેલ હંમેશાં મોખરે રહ્યા છે. સ્વાસ્થ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને સમાજ આ ચાર પાયાઓનું મજબૂતીકરણ કરીને એક સશક્ત અને સફળ સમાજના નિર્માણમાં તેઓ સતત પોતાનું યોગદાન આપતાં રહે છે.

સમાજની આગામી પેઢીનું શિક્ષણ થકી સશક્તિકરણ કરવા માટે મોન્ટેકાર્લો કંપની સર્વોદય આરોગ્ય મંડળ ટ્રસ્ટ સાથે સંકળાયેલ છે. આ ઉપરાંત સમાજના વંચિત વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ, શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી અને મધ્યાહ્ન ભોજન જેવી સુવિધાઓ પૂરી પાડવા માટે કંપની આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ, શક્તિ એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટ, શ્રીમતી સંતોકબા સંસ્કાર ભવન જેવી સંસ્થાઓને વિશેષ સહાય કરે છે.







શ્રી કનુભાઈનું માનવું છે કે દેશના એક જવાબદાર નાગરિક અને એક જવાબદાર વ્યાવસાયિક તરીકે તેઓની તમામ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં સમાજનું શ્રેય હોવું જોઈએ. શ્રી એમ. બી. પટેલ જનરલ હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે તેઓએ "શ્રીમતી દિનાબેન ઓપ્થાલમોલોજી સેન્ટર" ની સ્થાપના કરી છે, જેને ઓપ્થાલમોલોજી એડમિનિસ્ટ્રેશનમાં વિશેષ કાર્ય માટે વર્ષ ૨૦૧૧ માં ગુજરાત અંધત્વ (બ્લાઈન્ડનેસ) નિવારણ સોસાયટીનો અને વર્ષ ૨૦૧૨ માં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ગૌરવ સન્માન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સંસ્થા શંકર નેત્રાલય, ચેન્નઈ, આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ, સર્વોદય આરોગ્ય મંડળ અને કર્ણાવતી કેન્સર હોસ્પિટલ જેવી સંસ્થાઓને તબીબી સાધન-સુવિધાઓની સહાય પૂરી પાડે છે તેમજ વિવિધ વિસ્તારોમાં સ્વાસ્થ્ય અને સ્વચ્છતના લગતા જાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરે છે.

શ્રી કનુભાઈ કહે છે કે સમાજસેવાની વ્યાખ્યા ફક્ત નાણાકીય મદદ પૂરતી જ મર્યાદિત નથી. તેઓ માને છે કે માનવીની જરૂરતો સમજીને તેમના પ્રત્યે સહાનુભુતિ કેળવવી એ જ ખરી સમાજસેવા છે. અને એટલે જ તેઓએ સમાજના પ્રેમ અને હૂંફથી વંચિત એવા વડીલો માટે વૃદ્ધાશ્રમોની સ્થાપના કરી છે. આ ઉપરાંત તેઓ શ્રી દશકોશી કડવા પાટીદાર વિદ્યાર્થી ભવનનું સંચાલન કરે છે. મોન્ટેકાર્લો ફાઉન્ડેશન દ્વારા તેઓ સમાજની અનેકવિધ જરૂરિયાતોની પૂર્તિ તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે, કુદરતી આપત્તિઓ સમયે મદદ પૂરી પાડે છે તેમજ જરૂરી તબીબી સહાય પૂરી પાડવાની ખાતરી આપે છે.

મોન્ટેકાર્લોની સફળતાનો શ્રેય શ્રી કનુભાઈ પોતાની સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓ, તેમના પરિવારો અને કંપનીના હિસ્સેદારોને આપે છે. વિકાસની આ યાત્રાને વધુ ને વધુ વેગ આપવાનું અને વૈશ્વિક સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરવાનું તેઓનું લક્ષ્ય છે.






# ડો. કિરણભાઈ સી. પટેલ

## ઉદ્યોગપતિ અને કાર્ડિયોલોજીસ્ટ

દાનવીર કર્ણ, વીર ભામાશા વગેરે જેવા નામોની યાદીને આગળ ધપાવતા અનેક પાટીદારોએ સમાજના કલ્યાણ અર્થે માતબર રકમનું દાન કર્યું છે અને સાચા અર્થમાં સમાજની સેવા કરી છે. આવા જ એક વિરલ વ્યક્તિત્વ એટલે ડોક્ટર કિરણભાઈ પટેલ !

કિરણભાઈ પટેલ મૂળ વડોદરાના શિનોર પાસેના મોટા ફોફળિયાના ગામના વતની છે. પરંતુ આઝાદીની લડત સમયે તેમનો પરિવાર આફ્રિકાના ઝામ્બિયામાં જઈને વસ્યો હતો અને તેમનો જન્મ પણ ત્યાં જ થયો હતો. તે સમયે ઝામ્બિયામાં ખૂબ રંગભેદ જોવા મળતો હતો. આ જ કારણે તેઓને ભણવા માટે ૮૦ કિલોમીટર દૂર આવેલી એક સ્કૂલમાં જવું પડતું હતું, કારણ કે તેઓ જ્યાં રહેતા હતા ત્યાં કોઈ પણ અશ્વેત વિદ્યાર્થીને એડમિશન મળતું ન હતું. કિરણભાઈ નાનપણથી જ બચત કરવામાં અને યોગ્ય કારણો માટે જ પૈસા વાપરવામાં માનતાં હતા. તેઓએ પોતે બચાવેલા પૈસાથી ભારત આવવાની ટીકીટ ખરીદી હતી અને અહીં આવીને તેઓએ મેડિકલની ડિગ્રી મેળવી હતી.

અહીં તેઓની સાથે અભ્યાસ કરતાં ડો. પલ્લવીબેન સાથે લગ્ન કરીને તેઓ વર્ષ ૧૯૭૬માં અમેરિકા પહોંચ્યા. હાલમાં તેઓ પોતાના પરિવાર સાથે અમેરિકાના દક્ષિણી રાજ્ય ફ્લોરિડાના ટેમ્પામાં સ્થાયી થયા છે. અગાઉ કાર્ડિયોલોજિસ્ટ તરીકે કાર્યરત ડો. કિરણભાઈ પટેલ આજે અમેરિકામાં બિલીયન ડોલર કંપની, વેલકેરના માલિક છે અને તેમાં ફરજ બજાવતા ૧,૨૦૦થી વધારે કર્મચારીઓ દ્વારા ૪,૫૦,૦૦૦ મેમ્બર્સને ઉત્કૃષ્ટ સેવાઓ આપી રહ્યા છે.






હૃદયરોગના નિષ્ણાતથી એક બિઝનેસમેન બનવા સુધીની શ્રી કિરણભાઈની યાત્રામાં તેઓએ અનેક પડકારોનો સામનો કર્યો છે. જ્યારે તેઓએ નાદારીના આરે ઊભેલી હેલ્થ ઇન્શ્યોરેન્સ કંપની ખરીદી ત્યારે તેમના જીવનમાં એક નવો વળાંક આવ્યો. પોતાની આગવી સૂઝ અને દીર્ઘદૃષ્ટિના આધારે શ્રી કિરણભાઈએ આ કંપનીમાંથી પણ નફો મેળવ્યો.

આજે ડોક્ટર કિરણભાઈ પટેલ અને પલ્લવીબેન પટેલ ફક્ત પોતાના વ્યવસાયના કારણે નહિ, બલ્કે પોતાની અનેક સામાજિક પ્રવૃત્તિઓને કારણે ફ્લોરિડામાં ઘણું ઊંચુ નામ ધરાવે છે. તેઓ ડોક્ટર્સ કિરણ એન્ડ પલ્લવી પટેલ ફેમિલી ફાઉન્ડેશન દ્વારા નિયમિત રીતે શિક્ષણ, આરોગ્ય, કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં મિલિયન ડોલર્સનું દાન કરતાં રહે છે. બિલિયન ડોલર કંપનીનું બિરૂદ મેળવ્યાં છતાં પણ તેઓ પોતાના વતન મોટા ફોફળિયાને ભૂલ્યાં નથી. અહીં અનેક પ્રકારની સુવિધાઓ ઊભી કરી તેમણે આ ગામને સમૃદ્ધ બનાવ્યું છે. આ ગામમાં વિશ્વ-સ્તરનું આધુનિક જિમ્નેશિયમ તૈયાર થયું છે. આ ઉપરાંત અંગ્રેજી માધ્યમની શાળા, સ્ટ્રીટ લાઈટ્સ, પાકા રસ્તા વગેરે જેવી અનેક સુવિધાઓથી આ ગામ સજ્જ છે.

જન્મભૂમિની સાથે પોતાની કર્મભૂમિમાં પણ આ પટેલ દંપતિએ દાનનો વિક્રમ સર્જ્યો છે. તેઓએ મેડિકલ શિક્ષણને વધુ મજબૂત કરવા નોવા સાઉથ-ઈસ્ટર્ન યુનિવર્સિટી (એનએસયુ)ને રૂા. ૧૩૦૦ કરોડ જેટલું માતબર દાન આપ્યું છે. ગુજરાતી દંપતી દ્વારા અમેરિકાના હેલ્થકેર ક્ષેત્રમાં અપાયેલું આ સંભવતઃ સૌથી મોટું અનુદાન છે. આ અનુદાનમાંથી અહીં ૩,૨૫,૦૦૦ ચોરસ ફૂટનું મેડિકલ એજ્યુકેશન કોમ્પ્લેક્સ બનાવવામાં આવનાર છે જે હજારો પેશન્ટ્સ, સ્ટુડન્ટ્સ અને ડોક્ટર્સ માટે ખૂબ જ લાભદાયી બની રહેશે. આગામી ૨૦ વર્ષમાં NSU દ્વારા હજારો નવા ડોક્ટર્સ અને હેલ્થકેર પ્રોફેશનલ્સને તાલીમ અપાશે. આ યુનિવર્સિટીમાંથી દર વર્ષે ૨૫૦ ડોક્ટર્સ બહાર પડશે.

અમેરિકામાં મેડિકલ કોલેજ શરૂ કર્યા પછી, ભારતમાં પણ યુનિવર્સિટી અને કોલેજ શરૂ કરવાનું તેમનું આયોજન છે. આ મેડિકલ કોલેજમાં અમેરિકન અધ્યાપકો પણ ભણાવશે અને ભારતના અધ્યાપકોને પણ તાલીમ લેવા માટે નોવા યુનિવર્સિટીમાં બોલાવાશે. જેથી તેઓ પાછા જઈને અમેરિકન શિક્ષણ પદ્ધતિથી ભારતમાં ભણાવી શકે. આ મેડિકલ કોલેજમાંથી દર વર્ષે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને મેડિકલની ડિગ્રી મળશે.

આટલી સંપત્તિ હોવા છતાં પણ શ્રી કિરણભાઈ અને પલ્લવી પટેલે પોતાના બાળકોને કરકસરથી જીવવાના સંસ્કાર આપ્યાં છે જેથી તેઓ જીવનમાં પોતાના બળે આગળ વધી શકે.

ડો. કિરણ પટેલ માને છે કે આરોગ્ય અને શિક્ષણ સમાજના બે મહત્ત્વનાં પાસાં છે, અને તેઓ પોતાની સંપતિને આ ક્ષેત્રમાં દાન કરીને તેનો સદુપયોગ કરવાનો પ્રયાસ કરે છે.





iron triangle

The Infrastructure Company

## શ્રી કિશોરભાઈ વિરમગામા

### આયર્ન ટ્રાઈએંગલ લિમિટેડ

જેમનામાં એકલા ચાલવાનો હોંસલો હોય છે, એક દિવસ એમની જ પાછળ કાફલો હોય છે...

ઊંચી આકાંક્ષાઓ અને ઊંચા સપનાઓ હોય તો તેને સાકાર કરવાના રસ્તાઓ આપોઆપ બનતા જાય છે... આવો અતૂટ વિશ્વાસ અને ભરપૂર આત્મવિશ્વાસ ધરાવતું બુલંદ વ્યક્તિત્વ એટલે શ્રી કિશોરભાઈ વિરમગામા - આયર્ન ટ્રાઈએંગલ લિમિટેડ કંપનીના ચેરમેન અને ડિરેક્ટર. શ્રી કિશોરભાઈ હંમેશા આગવા ઉત્સાહ અને દરેક કાર્યમાં શ્રેષ્ઠતાના આગ્રહ સાથે કોઇપણ પ્રોજેક્ટ પર કાર્ય કરે છે.

શ્રી કિશોરભાઈએ સિવિલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડીગ્રી મેળવી અને ત્યારબાદ પોતના જ્ઞાનને વાસ્તવિક પડકારોની એરણે ચકાસવા માટે કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રીમાં ઝંપલાવ્યું. તેઓએ વર્ષ ૧૯૯૧માં પોતાના મિત્રો શ્રી ભુપેન્દ્ર પંચાની અને શ્રી ભવન રંગાની સાથે મળીને આયર્ન ટ્રાઈએંગલ લિમિટેડ (આઇટીએલ)ની સ્થાપના કરી. કંપનીના આ પ્રમોટર્સના કન્સ્ટ્રક્શનના વ્યવસાયમાં ૨૭ વર્ષથી પણ વધુના બહોળા અનુભવનો લાભ મેળવીને કંપનીએ માર્કેટમાં અન્ય સ્પર્ધકો કરતાં પોતાનું એક ખાસ સ્થાન હાંસલ કર્યું છે.

આજે આયર્ન ટ્રાઈએંગલ લિમિટેડ કંપનીનું  સંચાલન શ્રી કિશોર વિરમગામા, શ્રી ભૂપેન્દ્ર પંચાની અને શ્રી ભવન રંગાની અને તેમના પરિવારજનો દ્વારા કરવામાં આવે છે.

આજે આયર્ન ટ્રાઈએંગલ લિમિટેડ ભારતની ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઝમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આઈટીએલ મુખ્યત્વે  રસ્તાઓના નિર્માણ, વિવિધ ઈમારતોના નિર્માણ, રેલ્વે, સોલર વગેરે જેવા ક્ષેત્રોમાં પ્રોજેક્ટ્સના અમલ પર વિશિષ્ટ ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપની શ્રેષ્ઠતમ ગુણવત્તાના નેશનલ એન્ડ સ્ટેટ હાઇવે, રસ્તાઓ, આર.ઓ.બી., નહેરો અને અન્ય સિંચાઈ યોજનાઓ, વાણિજ્ય તેમજ નિવાસી ઇમારતો,



રનવેઝ, રેલવે ટ્રેક્સ, પાઇપલાઇન અને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઔદ્યોગિક સ્થાવર મિલકતો અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન્સનો વિકાસ કરવામાં કાર્યરત છે. હવે કંપનીએ ફક્ત ગુજરાત જ નહિ, સમગ્ર દેશમાં પોતાના વ્યાપારનો વ્યાપ વિસ્તાર્યો છે. ભારતના વિવિધ અન્ય રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, આંધ્ર પ્રદેશ, ચેન્નઈ, ઓરિસ્સા, હરિયાણા અને જમ્મુ અને કાશ્મીરમાં પણ આઈટીએલએ પોતાની પાંખો પ્રસરાવી છે.

વ્યાપારમાં સફળતા મેળવવાની સાથે-સાથે શ્રી કિશોરભાઈ સમાજ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીઓને પણ સુપેરે સમજે છે. અને તેથી જ તેઓએ ગ્રીન એન્વાયરમેન્ટના વિઝન સાથે સૌર ઊર્જાનું ઉત્પાદન શરુ કર્યું છે. આ માટે કંપની દ્વારા ગુજરાતમાં ૨૫ મેગાવોટ સૌર ઊર્જા ક્ષમતાના ગ્રીનફીલ્ડ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે.





હાલમાં, શ્રી કિશોરભાઈ વિરમગામા અમદાવાદની ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની સંચાલન કમિટીમાં ચેરમેન છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં તેમના અનન્ય અને અથાગ પ્રયત્નો તેમજ વિશિષ્ટ ફાળા માટે તેમને ઘણા પ્રતિષ્ઠિત એવોર્ડ્સથી નવાજવામાં આવ્યા છે. જેમાં અમદાવાદની ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જીનીયર્સ એન્ડ આર્કિટેક્ટ દ્વારા ‘નિર્માણ રત્ન’, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક સ્ટડીઝ દ્વારા ‘ઉત્કૃષ્ટતા પુરસ્કાર’, મધ્યપ્રદેશ સરકાર દ્વારા ‘ઉદ્યોગ રત્ન’, ઈન્ડિયન ઓર્ગેનાઈઝેશન ફોર કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ‘ઈન્ડિયન એચીવર્સ એવોર્ડ’, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક સ્ટડીઝ દ્વારા, થાઇલેન્ડના નાયબ પ્રધાનમંત્રીના વરદ હસ્તે ‘ભારત ગૌરવ પુરસ્કાર’, કર્ણાટક વૈધાનિક પરિષદ દ્વારા ‘પ્રાઈડ ઓફ ઇન્ડિયા’ એવોર્ડ, ઇકોનોમિક સ્ટડીઝ સંસ્થા દ્વારા ‘ઇન્ટરનેશનલ એચીવમેન્ટ્સ એવોર્ડ’ તેમજ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક સ્ટડીઝ દ્વારા ‘પ્રાઈડ ઓફ ઇન્ડિયા’ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.













DHARMANANDAN
DIAMONDS

# શ્રી લાલજીભાઈ પટેલ

## ધર્મનંદન ડાયમંડસ પ્રાઇવેટ લિમિટેડ

ધર્મનંદન ડાયમંડ્સ એટલે હીરા ઉદ્યોગમાં સ્વંય હીરાની જેમ ઝળહળતું એક નામ... અને આ સફળ ઓળખને આકાર આપનાર નામ એટલે શ્રી લાલજીભાઇ પટેલ !

કહેવાય છે કે ગાઢ મિત્રતા જ્યારે વ્યાવસાયિક ભાગીદારી બને ત્યારે તે એટલી મજબૂત હોય છે કે પરિસ્થિતિના કોઈપણ પડકારો તેની સફળતાને અવરોધી શકતાં નથી. ધર્મનંદન ડાયમંડ પણ આવી જ એક મિત્રતા અને ભાગીદારીનું ઉત્તમ દ્રષ્ટાંત છે. બાળપણના બે મિત્રોએ રાજકોટના ગુરુકુળમાં એક સાથે અભ્યાસ કર્યો, એક સાથે સફળ થવાના સપના જોયાં, એકબીજાને પોતાના ધ્યેય કહ્યાં અને સાથે મળીને લક્ષ્યાંક સિદ્ધ કરવાનો નિર્ણય કર્યો. ગાઢ ધુમ્મસની પેલે પાર જેમ આછું પાતળું દેખાતું હોય તેવું સપનું સાકાર કરવા બંને મિત્રોએ હીરા ઉદ્યોગનું હૃદય ગણાતા સુરતની વાટ પકડી. સુરત આવીને લક્ષ્યની વચ્ચે આવતાં તમામ વિઘ્નોને પાર કર્યાં અને સખત મહેનત, પુરુષાર્થ અને સંયમ રાખીને એક એવું નિર્માણ કર્યું જે નિર્માણ આજે ઓળખાય છે ધર્મનંદન ડાયમંડ પ્રાઇવેટ લિમિટેડના નામથી.





વર્ષ ૧૯૫૫માં ભાવનગરના ઉગામેડી ગામે જન્મેલા શ્રી લાલજીભાઇ પટેલ ધો. ૫ સુધી તો પોતાના ગામમાં જ ભણ્યા. ત્યારબાદ ધો. ૬થી શહેરનો અભ્યાસ મળે તેવા હેતુ સાથે માતાપિતાએ તેઓને રાજકોટ ગુરુકુળ ખાતે અભ્યાસ માટે મોકલ્યા. ખંત, ઉદ્યમ અને ધગશના મૂર્તિમંત રૂપ સમા લાલજીભાઇ પટેલની દોસ્તી ગુરુકુળમાં જ રહેતાં અને તેમના જેવાં જ સપના સેવતાં તુલસીભાઈ પટેલ સાથે થઇ ગઇ. તુલસીભાઈ પણ લાલજીભાઇની જેમ જ સ્વપ્નદૃષ્ટા તેમજ દીર્ઘદૃષ્ટા હતા. તેઓ બંને સાથે મળીને કંઇક એવું કરવા માંગતા હતા જે તેઓ માટે તો એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે જ, પણ સાથે જ રાષ્ટ્રહિતમાં પણ હોય. લાલજીભાઈ અને તુલસીભાઈએ હીરા ઉદ્યોગમાં ધર્મનંદનના નામે શરૂ કરેલ કંપનીને આજે ૭,૦૦૦થી પણ વધુ કર્મચારીઓ આગળ ધપાવી રહ્યા છે.

શ્રી લાલજીભાઇ પટેલ સખત પરિશ્રમ અને નૈતિકતાના પર્યાય છે. આજે હીરા ઉદ્યોગમાં તેઓ જે ઉચ્ચ સ્થાન પર છે તેના થકી હીરા ઉદ્યોગને જ નહીં પરંતુ તે ક્ષેત્રમાં રાષ્ટ્રની પ્રગતિને પણ વેગ મળ્યો છે. પરિવારમાંથી આધ્યાત્મિક્તા અને ઉચ્ચ સંસ્કાર ગળથૂથીમાં મેળવીને શ્રી લાલજીભાઇ નૈતિકતાથી વ્યાપાર કરવાની સાથે સમાજ સેવાના કાર્યોમાં પણ એટલા જ સંકળાયેલા રહે છે. લાલજીભાઇએ બેટી બચાવો અભિયાનમાં નોંધપાત્ર કામગીરી કરેલ છે. ઉપરાંત બાળકીઓનો ઉચ્ચ અભ્યાસ તેમજ ગરીબ અને સામાન્ય પરિવારોની સારવાર જેવી તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવી છે જે અન્ય ઉદ્યોગકારો માટે પણ પ્રેરણાદાયી અને દ્રષ્ટાંતરૂપ બની છે. દેશની સૌથી પૂજનીય એવી માં ગંગાની સ્વચ્છતા જળવાઇ તે હેતુથી ક્લીન ગંગા પ્રોજેક્ટમાં પણ શ્રી લાલજીભાઈએ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જાહેરાત કરી હતી કે પોતાના સુટની જે કિંમત આવશે તે રકમનો ઉપયોગ માં ગંગાની સફાઇ માટે કરવામાં આવશે, જેથી લાલજીભાઇએ ૪ કરોડથી વધુની સૌથી ઊંચી બોલી લગાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇના સુટને ખરીદ્યો હતો.



શ્રી લાલજીભાઇએ પોતાના ઉગામેડી તેમજ આસપાસના ગામોની વર્ષો જૂની પાણીની સમસ્યાને દૂર કરવા માટે ભગીરથ કાર્ય કર્યું છે, જેમાં તેઓએ નદીઓનું જોડાણ કરવાના એક ઉમદા પ્રોજેક્ટમાં આર્થિક સહાય આપવાની સાથે શ્રમદાન પણ કરેલ છે. આ પ્રોજેક્ટના કારણે આજે ઉગામેડી સહિતના ગામોની પાણીની સમસ્યાનું નિવારણ થયું છે.

ધર્મનંદન ગ્રુપ જે ૦.૩૦ કેરેટથી લઇને ૫ કેરેટ સુધીના મોટા હીરાનું નિર્માણ કાર્ય કરે છે તે ફક્ત ભારતમાં જ નહીં પણ વિશ્વના અનેક દેશોમાં વિશ્વાસનું પ્રતિક બની ગયું છે. આજે ધર્મનંદન ગ્રુપ ૫,૦૦,૦૦૦ ચો.ફૂટ વિસ્તારમાં પથરાયેલ ફેસીલીટીમાં ૭,૦૦૦ નિપૂણ કર્મચારીઓ અને અદ્યતન ટેકનોલોજીની સહાયથી ઉત્કૃષ્ટ હીરા પ્રોસેસ કરીને ૨,૫૦૦ સંતુષ્ટ ગ્રાહકોને સેવાઓ પૂરી પાડે છે. કંપનીએ હીરાના વૈશ્વિક માર્કેટ જેવા કે મુંબઇ, હોંગકોંગ, બેલ્જીયમ, ચાઇના, યુએઇ અને યુએસએમાં મજબૂત માર્કેટીંગ નેટવર્ક સ્થાપેલું છે અને ફેશન ઇન્ડસ્ટ્રીની નવીન જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ ડિઝાઇનના હીરા પ્રોસેસ કરી રહી છે. હીરા બજારમાં ઇમાનદારી અને વ્યાપારના યોગ્ય ધોરણો જળવાઇ રહે તે માટે ધર્મનંદન ડાયમંડ તમામ પ્રયાસો કરે છે જેની ફળશ્રુતિ રૂપે શ્રી લાલજીભાઇ પટેલને અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારોથી નવાજીત પણ કરવામાં આવ્યા છે.













# શ્રી લવજીભાઈ ડી. ડાલીયા (બાદશાહ)

## અવધ ગ્રુપ

સત્ય અને નિષ્ઠામાં યુધિષ્ઠિર... દયા અને દાનમાં કર્ણ... ધ્યેય સિદ્ધ કરવામાં અર્જુન... અને સમાજ માટે કંઈ કરી છૂટવા માટે ભગીરથ સમા વ્યક્તિત્વ એટલે શ્રી લવજીભાઈ ડુંગરભાઈ ડાલીયા. ધન્ય છે ભાવનગરની સેંજળીયા ગામની એ ધરા જે લવજીભાઈ જેવા ખમીરવંતા પનોતા પુત્રની જન્મભૂમિ છે. સુરતને પોતાનું કર્મક્ષેત્ર બનાવીને શ્રી લવજીભાઈએ એ શહેરને પણ કૃતાર્થ કર્યું છે... અને આજે તો તેઓ સમગ્ર રાજ્યમાં અનેક સ્થળે, અનેક સામાજિક સંસ્થાઓ અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે દાતા અને ટ્રસ્ટી તરીકે સંકળાયેલા છે. પોતાની સામાજીક સેવા અને દાનવીર સ્વભાવના કારણે તેઓ સમગ્ર ગુજરાતમાં 'બાદશાહ'ના હુલામણા નામથી જાણીતા છે.

વ્યાવસાયિક જીવનમાં તેઓ નીતિમત્તા અને પારદર્શકતાના પર્યાય છે. ફક્ત ૧૪ વર્ષની કુમળી વયે તેઓ પોતાના વતન સેંજળીયાથી સુરત આવ્યા અને રત્નકલાકાર તરીકે પોતાની કારકીર્દીની શરૂઆત કરી. વર્ષ ૧૯૮૮માં તેઓએ હીરા ઘસવાની પોતાની બે ઘંટી વસાવીને વ્યાપાર ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ૧૯૯૦માં કમીશન બેઝથી હીરા ઘસવાના કારખાનાનું વિસ્તરણ કર્યું અને ૧૯૯૩માં પોતાના સ્વતંત્ર કારખાનાની શરૂઆત કરી.

હીરા ઉદ્યોગમાં એક ઝળહળતું સ્થાન મેળવવાના પોતાના લક્ષ્યને સિદ્ધ કરવાની સાથે સાથે તેઓએ અત્યંત ઝડપથી વિકસી રહેલા કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં પણ કામ કરવાની શરૂઆત કરી. વર્ષ ૨૦૦૫માં શ્રી ઈન્ફ્રા, ૨૦૦૭માં અંજની ઈન્ફ્રા અને ૨૦૧૦માં અવધ ગ્રુપનો પ્રારંભ કર્યો. આજે અવધ ગ્રુપ ફક્ત સુરતમાં જ નહિ, અમદાવાદ, નવસારી, બારડોલી, અમરેલી અને વાપીમાં નવીન અને પ્રસિદ્ધ ઇમારતોના નિર્માણમાં મોખરે છે. રેસિડેન્સિયલ હોય કે કમર્શિયલ, અવધ ગ્રુપના તમામ પ્રોજેક્ટ્સ આર્કિટેક્ચર, ડિઝાઈન અને કન્સ્ટ્રક્શનની દૃષ્ટિએ અત્યંત વિશેષ હોય છે. આ ગ્રુપે ફૂડ એન્ડ બેવરેજીસ, હોમ અપ્લાયન્સિસ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ખાસ સેવાઓ આપીને ગ્રાહકોને એક આગવી અને આધુનિક જીવનશૈલીની ભેટ ધરી છે.

શ્રી લવજીભાઈ આરોગ્ય, શિક્ષણ, સમાજ સેવા, બેટી બચાવો, જળસંચય, જનજાગૃતિ, સ્વચ્છતા અભિયાન, આપત્તિ સહાય, જેવી અનેકવિધ પ્રવૃતિઓ સાથે દાતા, પુરસ્કર્તા અને પ્રોત્સાહક તરીકે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાયેલાં છે. પોતાની આવકનો નિશ્ચિત હિસ્સો સમાજસેવા અર્થે ફાળવવો એ તેઓના જીવનનો મુખ્ય સિધ્ધાંત છે. પ્રવર્તમાન સમયના પડકારસમા સ્ત્રી-ભ્રૂણહત્યાના દૂષણને ડામવાના ઉમદા








ઉદ્દેશ્ય સાથે બેટી બચાવો ઝૂંબેશને બળ આપવા શ્રી લવજીભાઈએ સમાજને બાદશાહ સુકન્યા બોન્ડ યોજનાની ભેટ ધરી છે જેમાં ૧૦,૦૦૦ પાટીદાર કન્યાઓને રૂ.૨૦૦ કરોડના બાદશાહ સુકન્યા બોન્ડ આપવામાં આવ્યા છે. અનાથ દીકરીઓ માટે વાત્સલ્યગ્રામમાં તેઓએ નોંધપાત્ર દાન કરેલ છે. વિધવા બહેનો માટે સિલાઈ મશીન્સનું વિતરણ, અનાથ દીકરીઓના લગ્નનું આયોજન વગેરે જેવી અનેક પ્રવૃત્તિઓ થકી તેઓ સમાજની બહેનો દીકરીઓના કલ્યાણ માટે સતત કાર્યરત છે.

આ ઉપરાંત, શિક્ષણક્ષેત્રે તેઓ અનેકાનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે ટ્રસ્ટી અને દાતા તરીકે સંકળાયેલા છે. તેઓએ અનેક છાત્રાલયોના નિર્માણ માટે નાણાકીય સહાય તેમજ સુરતમાં મંદબુદ્ધિના બાળકોની શાળા અને હોસ્ટેલ માટે જમીનનું દાન આપેલ છે, જે ભારતની આગામી પેઢીને વિદ્યાનું મહાદાન આપે છે.

આરોગ્ય સેવાઓના ક્ષેત્રમાં પણ તેઓ સમાજને અનેક રીતે મદદરૂપ બન્યા છે. સુરત સ્થિત કિરણ હોસ્પીટલ એન્ડ રીસર્ચ સેન્ટરમાં તેઓએ ભૂમિ પૂજન તથા અન્ય સેવાઓ માટે કુલ મળીને રૂા.૪૧ કરોડનું દાન કર્યું છે. ગરીબ દર્દીઓને યોગ્ય સારવાર તેમજ વ્હીલ-ચેર, વોકર, નેબ્યુલાઈઝર, ટ્રાઈપેર સ્ટીક, સક્શન મશીન





વગેરે વિનામૂલ્યે મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે તેઓ અનેકવિધ સેવા અને દાન પ્રવૃત્તિઓ કરે છે. અગણીત સામાજિક સંસ્થાઓમાં ટ્રસ્ટી અને દાતાશ્રી તરીકે જોડાઇને તેઓએ સમાજના વિકાસ, સુરક્ષા અને સમાજમાંથી કુરિવાજોની નાબૂદી માટે સક્રીય પ્રયત્નો કર્યા છે. વિશેષમાં વિશ્વ પાટીદાર કેન્દ્ર - સરદારધામને અત્યાધુનિક સરદારધામના નિર્માણ માટે તેમણે રૂા. ૫ કરોડનું દાન ઉદાર હૃદયે કર્યું છે. માતૃભૂમિની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર શહીદોના પરિવારોના હિતાર્થે તેઓએ મારૂતિ વીર જવાન ટ્રસ્ટને રૂા. ૫ કરોડનું અનુદાન આપેલ છે. વળી સુરતને સુરક્ષિત શહેર બનાવવા માટે શ્રી લવજીભાઈએ રૂા. ૫ કરોડનું દાન આપ્યું છે.

સ્વચ્છતા અભિયાનની સફળતા માટે, પર્યાવરણની જાળવણી માટે કે જળસંચય કાજે, કુરિવાજો સામે લડત આપવા કે સંસ્કૃતિનું જતન કરવા, ગૌરક્ષા કે ગૌસંવર્ધન હેતુ, આદીવાસીઓને સહાયરૂપ થઈને કે આપાતકાલીન સેવા પ્રવૃત્તિઓમાં ખડેપગે રહીને, શ્રી લવજીભાઈ સતત સમાજની સાથે રહ્યાં છે. તેમનો સહાયનો હાથ અને હૂંફભર્યો સાથ પામીને ન જાણે કેટલાંય પરિવારો આજે અછતના અંધકારમાંથી આનંદના ઉજાસ તરફ જઈ રહ્યાં છે!!






Zydus
dedicated to life

# શ્રી પંકજભાઈ આર. પટેલ

## ઝાયડસ કેડીલા ગ્રુપ

સરદાર વલ્લભભાઇ જેવા લોખંડી પુરુષને જન્મ આપનારી ધરા પર જન્મ લેનાર અને જેના લોહીમાં જ ખુમારી છે એવું એક અસાધારણ વ્યક્તિત્વ એટલે શ્રી પંકજભાઈ પટેલ. વિશ્વવિખ્યાત ઝાયડસ કેડીલા ગ્રુપને સફળતાના નવા આયામો સુધી લઈ જનાર શ્રી પંકજભાઈ પટેલ દૃઢ નિશ્ચય અને સર્જનાત્મક વિચારોનું મૂર્તિમંત રૂપ છે.

પિતા રમણભાઈ પટેલે ઇન્દ્રવદનભાઈ મોદી સાથે મળીને કેડીલા લેબોરેટરીઝની સ્થાપના કરી તેના એક વર્ષ બાદ પંકજભાઈનો જન્મ ૧૯૫૩ માં થયો હતો. જીવનના કપરા સંઘર્ષોનો સામનો કરવા માટેની તાલીમ તેમને તેમના પિતાએ કોઇપણ સુવિધાઓ વગરનું શિસ્તબદ્ધ જીવન કેળવીને આપી. અને આવા જ અનુભવોનું ભાથું લઈને, પિતાના સ્વપ્નાઓને સિદ્ધ કરવાના શમણાં આંખોમાં લઈને પંકજભાઈએ અમદાવાદની એલ.એમ.ફાર્મસી કોલેજમાંથી એમ.ફાર્મ કર્યું અને ૧૯૭૬ના વર્ષમાં એમના પિતાના વ્યવસાયમાં ઝંપલાવ્યું.



ત્યારબાદ ૧૯૯૫માં રમણભાઈ અને ઇન્દ્રવદનભાઈ બંને પાર્ટનર છુટા પડ્યા પછી ઝાયડસ ગ્રુપ હેઠળ કેડીલા હેલ્થકેર અસ્તિત્વમાં આવી. થોડાં જ વર્ષોમાં કંપનીને અનેકગણી સફળતા સાંપડી. આજે ઝાયડસ કેડીલા ગ્રુપ દેશની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઝમાંથી એક છે.



જયારે પંકજભાઈએ કેડીલા હેલ્થકેરનું સોપાન સાંભળ્યું ત્યારે તેમની સમક્ષ મોટો પ્રશ્ન હતો. તેમની કંપની ૨૦૦ કરોડની હતી અને કર્મચારીઓ સહિતનો ખર્ચો ૪૦૦ કરોડ પહોંચતો હતો. આજે પણ એ દિવસો યાદ કરતા પંકજભાઈ કહે છે કે “એ કટોકટી નહીં, પરંતુ એક તક હતી.” આ એક દિવાસ્વપ્ન હતું, પણ પંકજભાઈ પાસે તે માટે એક મજબૂત યોજના હતી. તેમણે સમગ્ર દેશમાં ફૂંકાઈ રહેલા વૈશ્વિકીકરણના તરંગોનું અનુમાન કર્યું. તેમણે સ્ટ્રેટેજીક બિઝનેસ યુનિટ (એસબીયુ) નો નવીન વિચાર અપનાવ્યો. કંપનીના તમામ વિભાગોને SBU ની સ્ટ્રેટેજી હેઠળ વિભાજીત કરીને કંપનીમાં નવો સંચાર પૂર્યો. તેમણે ૪૦૦ કરોડની તાકાતને કામે લગાડી અને વર્ષ ૨૦૦૦ સુધીમાં કંપનીને ૧૦૦૦ કરોડના ટર્નઓવર સુધી પહોંચાડી દીધી. અને હવે તલપ હતી કંપનીને વૈશ્વિક સ્તરે લઇ જવાની, પંકજભાઈ મક્કમતાથી તમામ પડકારો ઝીલતા ગયા. આજે ફ્રાંસ અને જાપાન સહિત દુનિયાના અનેક દેશોમાં તેઓની પોતાની કંપનીનો વિસ્તાર કર્યો છે.

અમેરિકન માર્કેટમાં પ્રવેશતા સમયે લોકોએ પંકજભાઈને નિષ્ફળ જવાનો ડર બતાવ્યો, ત્યારે તેઓએ ખૂબ સુંદર જવાબ આપતા કહ્યું કે “નિષ્ફળ થઈએ તો પણ શું? ખેડૂતના દીકરા છીએ, ખેતી કરીશું અને પત્થર મારીને પણ પાણી કાઢીશું પરંતુ ગભરાઈશું નહિ.”



ઝાયડસ કેડીલામાં, વ્યક્તિગત રસ લઈને પંકજભાઈએ રાજ્યના હાર્દ સમું રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર શરુ કર્યું છે, જેમાં અનેક વૈજ્ઞાનિકો અવિરતપણે નવી-નવી દવાઓ અને રસીઓ પર કામ કરી રહ્યા છે. મોટાભાગના લોકો BP માટે aten દવા, ડાયાબીટીસ માટે સુગર ફ્રી, અને મહિલાઓ એવરયુથ ફેસવોશ વાપરે છે, આ તમામ પ્રોડક્ટસનું ઉત્પાદન ઝાયડસ કેડીલામાં થાય છે. સ્વાઈન ફ્લુએ ઓગષ્ટમાં જયારે સમગ્ર ભારતને ભરડો લીધો હતો ત્યારે ભારતમાં સૌથી પ્રથમ H1N1 વેક્ષીફ્લુ-એસ રસી ઝાયડસ કેડીલાએ બનાવી. વિશ્વની જૂજ રસીઓમાંની તે એક છે. આ ફાર્મા કંપની આજે વૈશ્વિક સ્તરની કોઇપણ ફાર્મા કંપનીની સમકક્ષ થઇ ગઈ છે.

ઝાયડસ ગ્રૂપે ભારતીય અને વૈશ્વિક બજારમાં અનેક દવાઓ અને અન્ય હેલ્થકેર પ્રોડક્ટ્સ રજૂ કરી છે. વર્ષ ૨૦૦૪માં, ભારતીય ફાર્મા ઉદ્યોગના વિકાસમાં ફાળો આપવા માટે શ્રી પંકજભાઈ પટેલને ભારતીય ઉદ્યોગ અને અર્થશાસ્ત્રીઓની ફેડરેશન દ્વારા વર્ષના ફાર્મા મેન જાહેર કરવામાં આવ્યા હતા. શ્રી પંકજભાઈ પટેલને પ્રસિદ્ધ ફોર્બ્સ મેગેઝિન દ્વારા સૌથી ધનવાન ભારતીયોમાં આગવું સ્થાન આપવામાં આવ્યું હતું. તેમનું નામ વર્લ્ડ ફાર્માસ્યુટિકલ ફ્રન્ટિયર્સમાં પણ આવ્યું છે, જે હેલ્થકેર સેક્ટરમાં સૌથી પ્રભાવશાળી લોકોની યાદી છે.

સદાય વ્યવસાયમાં વ્યસ્ત એવા પંકજભાઈ ક્યારેય તેમની સામાજિક જવાબદારીઓને ભૂલતા નથી. તેઓ અનેક પ્રતિષ્ઠિત સંસ્થાનોમાં અગ્રણી તરીકે સેવા અને માર્ગદર્શન આપે છે. સંઘર્ષ અને પ્રેરણાની મૂર્તિ સમાન પંકજભાઈએ તેમની કુશળતાથી અને સિદ્ધાંતોથી ઝાયડસ કેડિલાની પ્રસિદ્ધિ અને સમૃદ્ધિનો પાયો નાખ્યો છે, અને આગામી પેઢીને ઉદ્યોગસાહસિક બનવાની પ્રેરણા આપી છે.

સફળ લોકોના હોઠ પર હંમેશાં બે વસ્તુઓ હોય છે "મૌન" અને "સ્મિત", મૌન સમસ્યાઓ ટાળવા માટે અને સ્મિત સમસ્યાઓ ઉકેલવા માટે! પંકજભાઈ પણ એવા જ મિતભાષી છે, જેમની આંખો બોલ્યા વગર પણ પોતાના સંદેશનું ઉચ્ચારણ કરી શકે છે!









# શ્રીમતી પરિન્દાબેન ડી. પટેલ

## ઓટો પાવર

સ્ત્રી એ શક્તિનું સ્વરૂપ છે એવું હજારો વાર બોલાયું અને સંભળાયું છે... વિશ્વમાં વાસ્તવમાં એવી અનેક સ્ત્રીઓ છે જેમણે આ શબ્દોને યથાર્થ કર્યા છે. કહેવાય છે કે ભાગ્ય વ્યક્તિના હાથમાં નથી હોતું પણ નિર્ણય વ્યક્તિના હાથમાં જરૂર હોય છે. ભાગ્ય તમારો નિર્ણય નથી બદલી શકતું પણ તમારો નિર્ણય તમારું ભાગ્ય જરૂરથી બદલી શકે છે. આવી જ કંઇક હિંમત, અને આવો જ જુસ્સો આજથી ૬ વર્ષ પહેલાં બતાવ્યો શ્રીમતી પરિન્દા પટેલે. પતિના અકાળે મૃત્યુ પછી હિંમત હારી જવાને બદલે તેઓએ એક ગૃહિણીમાંથી કોર્પોરેટ વુમન બનવાની સફર શરુ કરી. પરિવારની સંભાળ લેતા-લેતા તેઓ અત્યંત સાહજિકપણે કંપનીની સંભાળ લેતા થઇ ગયા! પતિના જીવનમાંથી પ્રેરણા લઈને અને તેમના જ લક્ષ્યોને સાકાર કરવા માટે તેમના જ પગલે ચાલીને તેઓએ દિવસ-રાત મહેનત કરી અને કંપનીની પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

જો શ્રધ્ધા હોય તો મંઝીલ સુધી પહોંચવાનો રસ્તો આપોઆપ કંડારાતો જાય છે. ગુજરાતના એક નાનકડા ગામ પાલનપુરમાં જન્મેલા પરિન્દાબેને શિસ્ત અને નિયમિતતાના સંસ્કાર નાનપણથી જ મેળવ્યા હતા કારણ

કે તેઓના માતા-પિતા બન્ને શિક્ષક હતાં. રાજકોટ શહેરમાંથી તેઓએ બેચલર ઓફ ફાર્મસીની ડીગ્રી મેળવી. લગ્ન બાદ તેઓ પણ એક સામાન્ય ગૃહિણીની જેમ પરિવારને કેન્દ્રમાં રાખીને જીવન જીવતાં હતાં. પરંતુ પતિના આકસ્મિક મૃત્યુ બાદ જીવનમાં વ્યાપેલા શૂન્યાવકાશે તેઓના જીવનને એક નવો વળાંક આપ્યો. તેમણે પોતાના બે દીકરાઓ સાથે પતિના સ્વપ્નને સાકાર કરવાનું બીડું ઝડપ્યું. એક મક્કમ માતા અને બન્ને ઉદ્યમી દીકરાઓએ સાથે મળીને પોતાની ઓટો પાવર ટીમના સહકારથી આ સ્વપ્નને આગળ ધપાવ્યું.



૧૯૯૦માં શ્રી દિનેશભાઈ દ્વારા ઓટો પાવર કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. પાછલા વર્ષોમાં, પરિન્દાબેનના પતિ શ્રી દિનેશભાઈ રિન્યુએબલ એનર્જી ડિવીઝનમાં કામ કરી રહ્યા હતા. તેમની ઈચ્છા હતી ઘરે-ઘરે સોલર અને વિન્ડ એનર્જીનો વપરાશ થાય. આ પુનઃપ્રાપ્ય ઉર્જાના વપરાશથી પર્યાવરણની જાળવણીમાં ખૂબ જ મોટું યોગદાન આપી શકાય એમ છે. આ લક્ષ્યને સિદ્ધ કરવા ઓટો પાવરની ટીમે ગોલ્ફ કાર્ટસ તેમજ વધુ કાર્યક્ષમતાવાળા બેટરીથી ચાલતા વાહન વિકસાવવાનું શરુ કર્યું અને એ જ પ્લેટફોર્મ પર વિવિધ શ્રેણીના ઉત્પાદનો બનાવવા તરફ પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. શરૂઆતમાં એક વાહન બનાવવામાં તેઓને કેટલાક દિવસો લાગી જતા, પરંતુ હવે ૧૫ કલાકમાં જ એક વાહન બની જાય છે. સખત પરિશ્રમ અને અવિરત પ્રયત્નો તેમજ નોંધપાત્ર ટેકનીકલ બદલાવોને કારણે આ શક્ય બન્યું છે.

ઓટો પાવર એ એક કુશળ ટેક્નોક્રેટ્સની ટીમ છે, જે નવીનીકરણ સાથે આધુનિક ટેકનોલોજીને એકીકૃત કરીને ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. DC ડ્રાઈવનું ઉત્પાદન એ એમની કંપનીનો મુખ્ય









વ્યવસાય છે. દિવસે ને દિવસે આ કંપનીનો વિસ્તાર વધી રહ્યો છે અને એમની ડ્રાઈવ એન્ડ કન્ટ્રોલ મુંબઈ ઓફીસે નવા અત્યાધુનિક ઉત્પાદનોનું નિર્માણ કરી રહી છે જેમાં સ્પેશિયલ AC ડ્રાઈવ, ઇન્ડસ્ટ્રીયલ રીમોટ કન્ટ્રોલર્સ, બેક ટુ બેક થ્રીસ્ટર કન્ટ્રોલર્સ, સ્પેશિયલાઈઝડ યુપીએસ સિસ્ટમ્સ, વોલ્ટેજ સ્ટેબીલાઈઝર્સ, ઓટોમેટીક પાવરફેક્ટર કરેકશન સિસ્ટમ્સ (કોન્ટેકટર બેઝ્ડ/એસસીઆર બેઝ્ડ), મોસ્ટ કોમ્પેક્ટ કાઉન્ટર્સ, ટેમ્પરેચર ઈન્ડીકેટર્સ, હિટીંગ કન્ટ્રોલર્સ વગેરેનો સમાવેશ થાય છે.

ઓટો પાવર ટીમના મજબૂત એપ્લિકેશન બેકગ્રાઉન્ડ સાથે, અત્યંત વિશ્વસનીય AC ડ્રાઇવ દ્વારા તેઓ વિવિધ એપ્લિકેશન્સમાં ડ્રાઇવ્સ લાગુ કરવામાં સફળ થયા છે, જેના પરિણામે ગુણવત્તા યુક્ત ઉત્પાદન, સર્વોચ્ચ કાર્યક્ષમતા અને મહત્તમ ઊર્જાની બચત થાય છે, જે ઓટો પાવર ટીમનો ધ્યેય છે. નવી ટેકનોલોજી સાથે આગળ ધપતા, ગોલ્ફ બગી કાર બનાવવાના ધ્યેય સાથે ઓટો પાવર કંપનીએ વિશ્વની જાણીતી ફુજી ઇલેક્ટ્રિક એફએ કમ્પોનન્ટ્સ એન્ડ સિસ્ટમ્સ કંપની લિમિટેડ સાથે હાથ મિલાવ્યા છે. “સંતોષ સાથે સેવા” એ સૂત્રએ ઓટો પાવરના હકારાત્મક વિકાસમાં અનન્ય ફાળો આપ્યો છે.

ઓટો પાવરનું લક્ષ્ય એ તમામ ઉત્પાદનોમાં લિથિયમ આયર્ન બેટરી અને સોલર પેનલનો ઉપયોગ કરવાનું છે, જે પાવર સ્ટોરેજ ટેકનોલોજીનું ભવિષ્ય છે.

શ્રીમતી પરિન્દાબેન માત્ર વ્યવસાયે જ સફળ નથી, પણ તેઓ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં દાન કરીને સમાજ પ્રત્યે તેમની જવાબદારી પણ અદા કરે છે. તેઓ હંમેશા કહે છે કે “અમે અમારા તરફથી ૧૦૦% આપીએ છીએ.. અને શ્રેષ્ઠ પરિણામોની આશા રાખીએ છીએ.”

સ્ત્રીત્વનું આવું અનેરું રૂપ ખરેખર સન્માનનીય છે..!!






HARASIDDH

# શ્રી પ્રતાપભાઈ બી. પટેલ

## હરસિદ્ધ ગ્રુપ

"સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય !" આ ઉક્તીને યથાર્થ કરતાં હરસિદ્ધ ગ્રુપના સ્થાપક શ્રી પ્રતાપભાઈ પટેલ ઉદ્યમી ઉદ્યોગકારોની હરોળમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

પ્રતાપભાઈનો જન્મ ૧૯૩૭માં લાડોલ ખાતે થયો હતો. પોતાના પિતા શ્રી બુલાખીદાસ પટેલ પાસેથી તેઓએ તેમજ તેમના ભાઈઓએ નૈતિકતા અને માનવતાના મૂલ્યો વારસામાં મેળવ્યાં હતાં. મુંબઈની VJTI કોલેજમાંથી બી.ઈ.સિવીલનો અભ્યાસ પૂર્ણ કરીને શ્રી પ્રતાપભાઈએ જ્યારે કારકીર્દીના વાસ્તવિક વિશ્વમાં પગ મૂક્યો ત્યારથી જ તેઓએ પોતાની મંઝિલ નક્કી કરી લીધી હતી. આમ તો શ્રી પ્રતાપભાઈ પટેલ ૧૯૬૦ના દાયકાથી મહારાષ્ટ્રમાં વિવિધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કાર્યોમાં સક્રિય હતા અને ઈમારતો, રસ્તાઓ, કેનાલ તેમજ ટનલથી લઇને રનવે સુધીના પ્રોજેક્ટ્સની વિવિધ પ્રકારની યોજનાઓ પૂર્ણ કરી હતી. પરંતુ ૭૦ના દાયકાના અંત સુધીમાં તેઓએ પોતાની દીર્ઘદૃષ્ટિ થકી રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં આવનારી ભાવી તેજીનો અંદાજો મેળવી લીધો અને માર્કેટમાં ગુણવત્તાયુક્ત બાંધકામ તેમજ પ્રોફેશનલિઝમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હરસિદ્ધ ગ્રુપની સ્થાપના કરી.

એક સિવિલ એન્જિનિયર તરીકેની તેમની કુશળતા, રીયલ એસ્ટેટ ડેવલપમેન્ટ અને બાંધકામ ઉદ્યોગમાં તેઓનો ૫૦થી વધુ વર્ષોનો અનુભવ તેમજ કોર્પોરેટ ક્ષેત્રમાં તેમના લાંબા સમયથી વિકસીત સંબંધો થકી હરસિદ્ધ ગ્રુપના વિકાસને સતત વેગ મળતો રહ્યો છે. આજે હરસિદ્ધ ગ્રુપ મુંબઈ અને આસપાસના વિસ્તારો માટે વિશ્વાસનો પર્યાય છે. ૧૯૭૮માં પોતાના પહેલા પ્રોજેક્ટથી લઈને આજ સુધી આ ગ્રુપે મુંબઇ, થાણે, કલ્યાણ, અમદાવાદ અને બીલીમોરામાં અને તેની આસપાસ ૩૫થી વધુ સફળ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે. તેઓ દ્વારા નિર્મિત અંદાજે ૪૫,૦૦,૦૦૦ ચો.ફીટ વિસ્તારમાં ૫,૦૦૦ થી પણ વધુ સંતુષ્ટ ગ્રાહકો વસે છે.

ગ્રાહકોને હંમેશા તેઓની અપેક્ષા કરતાં વધારે આપવું અને તેમની સાથે પારદર્શક સંબંધો જાળવવા તે હરસિદ્ધ ગ્રુપનો સિદ્ધાંત છે. હાલમાં ગ્રુપ ૩૦,૦૦,૦૦૦ ચો.કિ.થી વધુના પ્રોજેક્ટ પર કાર્યરત છે જેમાં રેસિડેન્સિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. મુંબઇમાં ખાલી જમીનની અછતને ધ્યાનમાં લેતાં હરસિદ્ધ ગ્રુપ સહકારી હાઉસિંગ સોસાયટીઝના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ પણ હાથ ધરી રહેલ છે.



પ્રતાપભાઈના બંને પુત્રો, શ્રી મુકુંદભાઈ અને શ્રી મુકુલભાઈ પણ સિવિલ એન્જિનીયર છે અને તેઓની કુશળતા, અનુભવ અને હંમેશા કંઈક નવીન કરવાની ધગશ થકી આ ગ્રુપ સફળતાના નવા શિખરો સર કરી રહ્યું છે. આ ઉપરાંત હરસિદ્ધ ગ્રુપની કાર્યનિષ્ઠ ટીમમાં નિષ્ણાત ઇજનેરો, આર્કીટેક્ટ્સ અને સલાહકારોનો સમાવેશ થાય છે, જે તમામ તકનીકી વિગતો અને ગ્રાહકોની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

હરસિદ્ધ ગ્રુપ ફક્ત સફળતા અને વિકાસ નહિ, પર્યાવરણ અને સમાજ માટે પણ એટલું જ ચિંતિત છે. હાલમાં તેઓ પર્યાવરણને અનુકૂળ બાંધકામના નિર્માણ પર ભાર આપી રહ્યાં છે અને રિન્યુએબલ એનર્જી સ્ત્રોતોના ઉપયોગને પણ પ્રોત્સાહન આપી રહ્યાં છે. શ્રી પ્રતાપભાઈ પટેલનું માનવું છે કે "સમાજ, રાષ્ટ્ર અને પર્યાવરણ પાસેથી આપણે જેટલું લઈએ છીએ તેના કરતાં વધુ પરત આપવું જોઈએ." અને એટલે જ તેઓ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે શોભનાબેન પ્રતાપભાઈ પટેલ સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ ટેકનોલોજી મેનેજમેન્ટ (વિલે પારલે-મુંબઇ), વલ્લભ આશ્રમ સ્કૂલ (વલસાડ-ગુજરાત), એસ.પી.બી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ, સેફ્રોની ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (મહેસાણા-ગુજરાત) તેમજ ચિન્મય મિશન અને પરમ પ્રમાણ દર્શન જેવી સંસ્થાઓ સાથે દાતા અને ટ્રસ્ટી તરીકે સંકળાયેલા છે.











અથાક પરિશ્રમ, કુશળતા, વ્યાવસાયીકરણ, પ્રામાણિકતા અને ગ્રાહક સંતોષ જેવા મૂલ્યોને પાયામાં રાખીને હરસિદ્ધ ગ્રુપની ઈમારતને આકાશની ઊંચાઈઓ સુધી પહોંચાડવા અને વૈશ્વિક સ્તરના નિર્માણો થકી ભારતીય બાંધકામ ઉદ્યોગમાં પોતાના માટે એક આગવું સ્થાન હાંસલ કરવા શ્રી પ્રતાપભાઈ પ્રતિબદ્ધ છે.








kiran

# શ્રી વલ્લભભાઈ પટેલ

## કિરણ જેમ્સ પ્રાઈવેટ લિમિટેડ

હીરો અને કોલસો એક જ ખાણમાંથી જન્મે છે... પરંતુ પરિસ્થિતિઓના પડકારો અને પ્રતિકૂળતાઓના દબાણને સહન કર્યા બાદ જે ઝળહળી ઉઠે છે તેવા 'હીરા'નું મૂલ્ય અનેકગણું વધી જાય છે. આ જ ઉક્તિ હીરા ઉદ્યોગના યશસ્વી ઉદ્યોગકાર શ્રી વલ્લભભાઇ પટેલ માટે લાગુ પડે છે.

હીરા ઉદ્યોગમાં વિશ્વ કક્ષાએ ટોચની હરોળમાં સ્થાન ધરાવતી કંપની કિરણ જેમ્સના સ્થાપક, સ્વયં એક રત્ન સમાન શ્રી વલ્લભભાઇ પટેલ આ ક્ષેત્રમાં અંદાજે ૪ દશકોનો બહોળો અનુભવ ધરાવે છે. રફ ડાયમંડનું સોર્સિંગ, હીરા ઉત્પાદનની વિશેષ ટેકનિક તેમજ લેટેસ્ટ ડેવલપમેન્ટ અને ટેક્નોલોજી ક્ષેત્રમાં શ્રી વલ્લભભાઇ પટેલનું વિશેષ જ્ઞાન તેઓને હીરા ઉદ્યોગમાં વ્યક્તિ વિશેષ બનાવી દે છે.

શ્રી વલ્લભભાઇ પટેલનો જન્મ ભાવનગર જિલ્લામાં માત્ર ૫૦૦ લોકોની વસ્તી ધરાવતા નાનકડાં ગામમાં થયો હતો. નાનપણથી જ કંઈક નવું શીખવાની અને કરવાની આગવી ધગશના પરિણામે તેઓ પોતાની ઉંમરના યુવાનો કરતાં કંઈક અલગ તરી આવતાં. અંતે, પોતાના સપનાઓને હીરાની જેમ સાચા પાસા પાડવા માટે,



પિતાજીના આશિર્વાદ અને થોડી મૂડી લઈને તેઓ મુંબઇ પહોંચ્યા. મુંબઇમાં અત્યંત પરિશ્રમ અને પુરુષાર્થ કરીને શ્રી વલ્લભભાઇએ ૧૯૮૫માં પોતાની કંપની સ્થાપી. થોડા સમય બાદ તેમના ભાઇ માવજીભાઇ પણ તેમના આ ભગીરથ કાર્યમાં જોડાયા.

એક ખેડૂત પરિવારમાં જન્મેલા શ્રી વલ્લભભાઇ પટેલ તેમની દૂરંદેશી, વ્યાપાર અંગેની સૂઝ અને સાહસિકતા થકી દેશના ટોચના ઉદ્યોગકાર તરીકે પ્રસ્થાપિત થયા. તેઓના અવિરત પ્રયાસો અને પુરુષાર્થ થકી આજે કિરણ જેમ્સ હીરાના સૌથી મોટા નિકાસકાર છે. આ સાથે જ હીરા ઉદ્યોગમાં રોજગારીના સર્જક તરીકે પણ કિરણ જેમ્સ સૌથી અગ્રેસર રહ્યું છે. કિરણ જેમ્સ આજે ૪૫૦૦૦થી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે.




કિરણ જ્વેલરી અમેરીકા, યુએઈ તથા ભારતમાં નોંધપાત્ર કામ કરીને વૈશ્વિક હીરા બજારમાં વ્યાપ વધારી રહ્યું છે. શ્રી વલ્લભભાઇ પટેલનું કિરણ જેમ્સ પ્રત્યેનું સમર્પણ કિરણ જેમ્સને દેશમાં જ નહીં પરંતુ દુનિયાની ખ્યાતનામ કંપનીઓની હરોળમાં લઇ ગયું છે. કંપની પ્રતિ વર્ષ સુરત અને અમદાવાદમાં ૨૦ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલા પોતાના ૧૮૨ વિશિષ્ટ અને સમર્પિત ઉત્પાદન યુનિટ્સમાં ૫૭ લાખ કેરેટ રફ હીરાની પ્રક્રિયા કરીને ૧૬ લાખ કેરેટ પોલિશ્ડ હીરાનું ઉત્પાદન કરે છે.

કિરણ જેમ્સ ડીબિયર્સ, અલરોસા, ડોમિનિયન અને રિયો ટિન્ટોના સાઈટ-હોલ્ડર છે અને રફ હીરાની ખરીદી કરતી સૌથી મોટી અને વિશ્વનીય કંપની તરીકે ખ્યાતિ ધરાવે છે. કિરણ જેમ્સના કામ પ્રત્યે સમર્પિત અને કુશળ રત્ન કલાકારો કિરણ જેમ્સનું જમા પાસુ છે.

કિરણ જેમ્સનું કોર્પોરેટ હેડ કવાટર મુંબઇમાં છે. આ ડાયમંડ ઉત્પાદક કંપની દુનિયાની એક મોટી કંપની છે. આ કંપની હવે દુબઈ, હોંગકોંગ, ચાઈના, બેલ્જીયમ, ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાં પોતાના બિઝનેસને વધુને વધુ વિકસાવવાની સાથે મજબૂત તથા બળવત્તર બનાવી રહી છે.

કિરણ જેમ્સ પોતાના ગ્રાહકોનું મૂલ્ય સમજે છે અને તેઓને વધુ સંતુષ્ટી અને મૂલ્યવર્ધન આપવામાં વિશ્વાસ રાખે છે. ગ્રાહકોની માંગને ધ્યાનમાં રાખતાં અને બદલાતા સમય સાથે કદમ મેળવતાં, કંપનીએ પોતાની











પ્રોડક્ટ રેન્જમાં સતત વધારો કર્યો છે. કિરણ જેમ્સ ગુણવત્તાની હંમેશા વિશેષ કાળજી રાખે છે, જેની ફલશ્રુતિ એ છે કે વિશ્વની ટોચની જ્વેલરી અને વોચ મેકર કંપનીઝ કિરણ જેમ્સના ડાયમંડને જ પ્રાથમિક્તા આપે છે.

કિરણ જેમ્સની સફળતાનું પ્રમાણ એ છે કે કંપનીને ૨૦૦૭-૨૦૦૮થી સતત ૯ વર્ષ સુધી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા તરફથી હાઈએસ્ટ એક્સપોર્ટ પર્ફોમન્સ અવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. કિરણ જેમ્સે કાઉન્સિલ તરફથી હાઈએસ્ટ ટેક્સ પેયર કંપની, બેસ્ટ ગ્રોઈંગ કંપની ઓફ ધ યર અને બેસ્ટ ઈન ઈ-કોમર્સનો અવોર્ડ પણ મેળવેલ છે. કિરણ જેમ્સનું નામ સંપૂર્ણ નૈતિકતા, શ્રેષ્ઠતમ નિર્માણકાર્ય, અસાધારણ ગુણવત્તા અને અનુપમ વિવિધતામાં અગ્રીમ હરોળમાં આવે છે.

ઉદ્યોગ જગતમાં આગવી સફળતા પ્રાપ્ત કરવાની સાથે જ શ્રી વલ્લભભાઇ પટેલ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી પણ સુપેરે નિભાવે છે. તેઓ સમાજના જરૂરિયાતમંદ વર્ગને શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર જેવા ક્ષેત્રોમાં સતત સહાય કરે છે. તેઓએ વિવિધ કન્યાશાળાઓના નિર્માણ માટે વિશેષ દાન આપેલ છે. તેઓએ દેશની રક્ષા કાજે પોતાનું જીવન કુરબાન કરનાર શહીદોના પરિવારો માટે નોંધપાત્ર દાન કર્યું છે. તેઓ અવારનવાર બ્લડ ડોનેશન કેમ્પસનું આયોજન કરે છે. આ ઉપરાંત, સુરતની મલ્ટિ-સ્પેશ્યાલિટી કિરણ હોસ્પિટલને તેઓ દ્વારા રૂ।.૭૧ કરોડની માતબર રકમનું દાન કરવામાં આવ્યું છે.

શ્રી વલ્લભભાઇ પટેલ અને કિરણ જેમ્સ વાસ્તવમાં દેશના અમૂલ્ય 'જેમ્સ' છે!



# ડો. વિઠ્ઠલભાઈ ડી. ધડૂક

## ન્યુરોલોજિસ્ટ

સોરઠની સોનેરી ભૂમિ પર, નાકરા ગામમાં, એક કિસાન પરિવારમાં જન્મ લેનાર અનેક વિરલ વ્યક્તિત્વોની યાદીમાં જોડાયેલ અન્ય એક પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ એટલે ડો. વિઠ્ઠલભાઈ ધડૂક! એક સફળ ઉદ્યોગકાર અને નિષ્ણાત ન્યુરોલોજિસ્ટ એટલે ડો. વિઠ્ઠલભાઈ ધડૂક! ડો. વિઠ્ઠલભાઈ કહે છે કે માત્ર આસમાને પહોંચવાથી સફળતા નથી મળતી, સાચી સફળતા તો ત્યારે જ મળે છે જયારે તમે આસમાને પહોંચી ગયા હોય પણ તમારા પગ જમીન પર જ હોય'!

વિઠ્ઠલભાઈએ તેમનું ગ્રેજ્યુએશન વર્ષ ૧૯૮૦માં જામનગરની એમ.પી.શાહ મેડીકલ કોલેજમાંથી પૂર્ણ કર્યું હતું. ત્યાં તેઓએ બેચલર ઓફ મેડીસીન અને બેચલર ઓફ સર્જરીની ડીગ્રી મેળવી હતી. ત્યાર બાદ તેઓએ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડીકલ ટ્રેઈનિંગ અમદાવાદની બી.જે. મેડીકલ કોલેજમાંથી મેળવી હતી. જ્યારે તેઓનો એમડીનો અભ્યાસ પૂર્ણ થવામાં હતો ત્યારે તેઓની પ્રતિભાને અમેરિકાના ડોકટર્સના એક જૂથ

દ્વારા ઓળખવામાં આવી હતી. તેઓની અમેરિકાના ડોકટર્સ સાથેની મુલાકાત સફળ સાબિત થઈ હતી અને તેમને ૧૯૮૩માં સહાયક ચિકિત્સક તરીકે કામ કરવા માટે યુ.એસમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આજે ડો. વિઠ્ઠલભાઈ ધડૂક એક સફળ તબીબ હોવાની સાથે એક ટોચના ઉદ્યોગકાર પણ છે અને તેમના દ્વારા સ્થાપિત એપીકોર ફાર્મા, સિનેરેક્સ ફાર્માસ્યુટિકલ્સ, ન્યુરોન બાયોટેક અને કોર ફાર્મા અને સોમાહલ્યુશન જેવી અનેક બાયોટેકનોલોજી કંપનીઓમાં ચેરમેન અને પ્રેસીડેન્ટ તરીકે તેઓ સેવા આપે છે. ડો. ધડૂક પ્રોડક્ટ ડેવલપમેન્ટ, માર્કેટિંગ, પાર્ટનર રિલેશનશીપ, નાણાકીય બાબતો અને કોર્પોરેટ ગવર્નન્સના વિસ્તારોમાં નેતૃત્વ અને માર્ગદર્શન પૂરું પાડે છે. આજના યુવાધન માટે તેઓ પ્રેરણામૂર્તિ સમાન છે! મેડીસીન અને ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રીઝમાં તેમની બહોળી પાર્શ્વભૂમિકા તેમની કંપનીઓના વિકાસને વધુ વેગ આપે છે તેમજ વ્યાપારની નવી વ્યૂહરચનાઓ ઘડવામાં મહત્વનો ફાળો આપે છે.

પોતાની માતાના સ્ટ્રોકના કારણે નિધન બાદ શ્રી ધડૂકના જીવનમાં એક મહત્વનો વળાંક આવ્યો. તેઓએ સ્ટ્રોકની અસરકારક દવા શોધવાનો નિર્ધાર કર્યો અને એ દિશામાં મક્કમ પગલે આગળ વધ્યાં. તેઓનું સપનું સ્ટ્રોક અને અલ્ઝાઇમરને રોકી શકે તેવી દવા બનાવવાનું છે. તેઓના ફાર્માસ્યુટિકલ બિઝનેસમાં, જ્યાં નિયમિતપણે રિસર્ચ અને ડેવલપમેન્ટ પ્રવૃત્તિઓ ચાલે છે, ત્યાં તેઓ આ માટેની દવાઓ વિકસાવવા માટે કાર્યરત છે.

વર્તમાન સમયમાં ડો. ધડૂક પેનસિલવેનિયા સ્થિત કમ્યુનિટી મેડિકલ સેન્ટર ખાતે ન્યુરોલોજીના ચીફ તરીકે તેમજ અમેરિકન એકેડેમી ઓફ ન્યુરોલોજીના વિદ્વાન મંડળના સભ્ય તરીકે કાર્યરત છે.

દર્દીઓ તેમની કુશળતા પર સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે કારણ કે તેઓ હંમેશા ઉચ્ચ ગુણવત્તાની સારવાર પૂરી પાડે છે. દર્દીઓ સાથેના પોતાના પરામર્શ દરમિયાન, તેઓ દર્દીને શાંતિપૂર્વક તેમની સ્થિતિ સમજાવે છે અને તેમને યોગ્ય સારવાર પસંદ કરવામાં મદદ કરે છે. પોતાના દર્દીઓને એક હકારાત્મક અને સ્વાસ્થ્યપૂર્ણ જીવનશૈલીની ભેટ ધરતાં ડો. ધડૂકના જીવનનો ઉદ્દેશ્ય જ દર્દીઓને સહાનુભૂતિપૂર્ણ સારવાર આપવાનો છે.

ડો. ધડૂકને મેડીકલ પ્રેક્ટિસમાં અસંખ્ય સન્માન મળ્યા છે જેમાં સૌથી વધુ ઉલ્લેખનીય છે વર્ષ ૧૯૮૬ અને ૧૯૮૭ માં મેડિકલ કોલેજ ઓફ પેન્સિલવેનિયામાં ન્યુરોલોજીના ઉત્કૃષ્ટ શિક્ષણ અને અભ્યાસ માટે મેળવેલ ડેવિડ ડન મેમોરિયલ અવોર્ડ. તેઓ ન્યુરોલોજી અને મેડિસિનની અનેક વ્યાવસાયિક સંસ્થાઓના બોર્ડમાં સેવા આપે છે. કેરિટસ ઇન્ટરનેશનલ ટ્રેડિંગ અને કેરીટસ હોસ્પિટાલિટી, એલએલસીના અધ્યક્ષ છે, હોપ મેડિકલ ઇન્સ્ટિટ્યૂટ તેમજ પોલેન્ડની લુબ્લીન કોલેજ ઓફ મેડિસિન તેમજ લ્યુપસ ફાઉન્ડેશન ઓફ પેન્સિલવેનિયા LLCના એડવાઇઝરી બોર્ડ્સના ચેરમેન છે. તેમને પેન્સિલવેનિયાના ફિઝિશ્યન્સ એડવાઇઝરી બોર્ડના માનદ્ કો-ચેરમેન તરીકે સેવા બદલ નેશનલ લીડરશિપ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.



હાલમાં તેઓ FNCB બેંકોર્પ, ઇન્ક અને ફર્સ્ટ નેશનલ કોમ્યુનીટી બેંકમાં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે કાર્યરત છે. આ ઉપરાંત તેઓ પેન્સીલવેનિયા મેડીકલ સોસાયટી, લાકવાના કાઉન્ટી મેડીકલ સોસાયટી, અમેરિકન મેડીકલ એસોસિએશન, MS સોસાયટી, પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ, નેશનલ હેડએક ફાઉન્ડેશન, અલ્ઝાઈમર સપોર્ટ ગ્રુપ અને WHO રજીસ્ટ્રીના સભ્ય છે.

માત્ર વ્યાવસાયિક જ નહીં કિન્તુ સામાજિક જીવનમાં પણ વિલક્ષણ વિચારો ધરાવતા ડો. ધડૂક માને છે કે ફક્ત સંપત્તિનું સર્જન કરવું મહત્વનું નથી, બલ્કે તેમાંથી સમાજને તમે કેટલું પરત આપી શકો છો તે અગત્યનું છે. આજે સફળતા અને સમૃદ્ધિના શિખરે પહોંચ્યા પછી પણ તેઓ પોતાની જન્મભૂમિ નાકરાને ભૂલ્યા નથી. અહીં જે શાળામાં તેઓએ અભ્યાસ કર્યો હતો તેનું તેઓએ સંપૂર્ણપણે નવનિર્માણ કરાવ્યું છે. તેઓનું માનવું છે કે શિક્ષણના ક્ષેત્રમાં કરેલું દાન એ એક ઉજ્જવળ ભવિષ્યમાં કરેલું રોકાણ છે જેના થકી ગરીબ પરિવારના તેજસ્વી બાળકો પોતાના સ્વપ્નોને પૂર્ણ કરી શકે અને સમાજના ઉત્પાદક સભ્ય બની શકે. સૌરાષ્ટ્ર પટેલ કલ્ચરલ સમાજના અધ્યક્ષ તરીકે ભારતીય સંસ્કૃતિના કલ્ચરલ એમ્બેસેડર તરીકે તેમની વિશેષ સેવા આપી રહ્યા છે.